Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

卐 રજતજયંતિનું વર્ષ 卐

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૦

## સિદ્ધપ્રભુની સાથમાં

સાધક કહે છે–હે સિદ્ધ ભગવાન ! આપને સાથે રાખીને હું સિદ્ધપદમાં આવી રહ્યો છું. પ્રભો ! અમારા સાધકપણામાં આપ અમારી સાથે જ છો. આપને અંતરમાં સાથે રાખીને જ અમે સિદ્ધપદને સાધવા નીકળ્યા છીએ. પ્રભો ! રાગાદિ પરભાવોનો સાથ તો મેં છોડી દીધો છે, અને હવે તો પરમ સ્વભાવરૂપ સિદ્ધપદનો સાથ મેં લીધો છે; અમારી સાધનામાં હવે ભંગ પડવાનો નથી; કેમકે જ્યાં સિદ્ધ બિરાજે ત્યાં મોહ કેમ થાય ? અંતરમાં અમે અમારા ચિદાનંદસ્વભાવ તરફ ઝુકીને સિદ્ધ ભગવાનનો સાથ લીધો છે; પરભાવથી હવે અમે ભિન્ન થયા છીએ, ને સિદ્ધાલયમાં અનંત સિદ્ધભગવંતોની પંક્તિમાં બેસવાના છીએ.

( –સમયસારના મંગલપ્રવચનમાંથી )

તંત્રી જગજીવન બાવચંદ દોશી ❁ સંપાદક : બ્ર. હરિલાલ જૈન


વીર સં. ૨૪૯૪, આસો ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૫ : અંક ૧૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

તે સર્વને સાથે તથા પ્રત્યેકને, પ્રત્યેકને, વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને



મુક્તિમહોત્સવના મંગળમેળામાં બધા ભગવંતો સોનગઢ પધાર્યા છે : ( જુઓ ટાઈટલ પૃ. ૩ )



વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મ ધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
વર્ષ : ૨૫ અંક ૧૨

વીર સં. ૨૪૯૪
આસો

# 卐 સોનગઢમાં મોટો મેળો 卐




પૂ. ગુરુદેવના પ્રવચનમાં એકકોર સમયસાર, ને બીજીકોર પ્રવચનસાર, જાણે અનેકાન્તમય જિનવાણીરથના બે પૈડાં! એ બંને પૈડાં ઉપર જિનવાણીનો રથ આજેય મોક્ષમાર્ગ તરફ દોડી રહ્યો છે. સમયસારનું મંગલાચરણ એટલે સિદ્ધપદની ધૂન...ને પ્રવચનસારનું મંગલાચરણ એટલે પંચમરમેષ્ઠીની ધૂન. એક સાથે (સવાર–બપોર) બંનેના પ્રવચનો ચાલતાં સોનગઢમાં તો જાણે કે સિદ્ધ ભગવંતોનો અને પંચપરમેષ્ઠી ભગવંતોનો મોટો મંગળ મેળો ભરાયો હોય! એવું વાતાવરણ વર્તી રહ્યું છે. અને ગુરુદેવ એવા ભાવમાં શ્રોતાઓને ઝુલાવે છે કે જેને મોક્ષ લેવો હોય તે ચાલ્યા આવો આ મેળામાં! મોક્ષનો આ મંગલમંડપ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપી દરવાજાથી ને વીતરાગચારિત્રરૂપી તોરણથી શોભી રહ્યો છે. પંચપરમેષ્ઠીને અને સિદ્ધ ભગવંતોને સાથે લઈને આ મેળામાં આવ્યો તે મુમુક્ષુ જરૂર મોક્ષ પામશે.

# સ.... મ.... ય.... સા..... ર

[ ૧૬ મી વખતનાં પ્રવચનોનો મંગલપ્રારંભ ]

卐



શ્રી સમયસાર ઉપરનાં ૧૬ મી વખતનાં પ્રવચનોનો મંગલ પ્રારંભ ભાદરવા વદી એકમના રોજ થયો. 'સમયસાર' એટલે શુદ્ધાઆત્મા, તેના ભાવોનું ફરીફરીને ઘોલન કરતાં મુમુક્ષુહૃદયમાં સુખની ઉર્મિઓ જાગે છે. આત્માનું સાધ્ય એવું સિદ્ધપદ, તે સિદ્ધદશાને પામેલા સિદ્ધભગવંતોને આત્મામાં ધ્યેયપણે સ્થાપીને સમયસારનું ઘોલન કરતાં મોહનો નાશ થઈ જશે–એવા આચાર્યદેવના કોલકરાર સહિત આ સમયસારને હે ભવ્ય જીવો! તમે ભાવપૂર્વક સાંભળો.

नमः समयसाराय...એમ કહીને શુદ્ધઆત્માને નમસ્કારરૂપ અપૂર્વ મંગળ કર્યું છે. જગતમાં સારરૂપ શુદ્ધઆત્મા છે, તેનું સ્વરૂપ આ શાસ્ત્રમાં કહેશે, તેને હે ભવ્ય જીવો! તમે સાંભળો. કેવો છે શુદ્ધઆત્મા? સ્વાનુભૂતિવડે જણાય એવો છે. દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મરહિત શુદ્ધ છે એટલે સારરૂપ છે. શુદ્ધનયના વિષયરૂપ આવો શુદ્ધઆત્મા જ સારરૂપ છે, તે જ ધ્યેયરૂપ છે, તેથી તેને ધ્યેયરૂપ સ્થાપીને નમસ્કાર કર્યાં છે. શુદ્ધઆત્મા તરફ જે ભાવ ઢળ્યો તે ભાવ મંગળરૂપ છે.

ઇષ્ટદેવ કોણ? કે સમયસારરૂપ શુદ્ધઆત્મા, તે જ ઇષ્ટદેવ છે, તેને અહીં નમસ્કાર કર્યાં છે. સ્વાનુભૂતિગમ્ય એવા શુદ્ધઆત્માને નમસ્કાર તે અપૂર્વ માંગળિક છે. શુદ્ધઆત્માની અસ્તિથી વર્ણન કર્યું તેમાં રાગાદિક અશુદ્ધતાની નાસ્તિ આવી જ ગઈ. શુદ્ધઆત્મા તરફ જે પર્યાય ઝુકી તેમાં રાગાદિનો અભાવ થયો. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે આવા શુદ્ધઆત્મા તરફ સાવધાન થઈને તેને તું લક્ષમાં લે. શુદ્ધદ્રવ્ય સાથે પર્યાયનું મિલન કરીને તેને હું નમું છું–એવી પરિણતિ તે અપૂર્વ મંગળ છે.

આવો શુદ્ધઆત્મા છે તે ભાવરૂપ વસ્તુ છે, શુદ્ધ સત્તારૂપ છે; સિદ્ધદશા થતાં તેનો અભાવ નથી થઈ જતો, પણ પોતાની ચૈતન્યસત્તામાં ભાવરૂપ છે; સ્વસત્તાથી ભાવરૂપ છે, ને પરસત્તાથી અભાવરૂપ છે. સત્તારૂપ વસ્તુ છે, પણ કેવી સત્તા? કે ચૈતન્યસ્વભાવથી ભરેલી છે. આ મંગલાચરણમાં શુદ્ધ આત્મદ્રવ્ય, તેના ગુણ, ને તેની નિર્મળપર્યાય એ ત્રણે આવી ગયા. ને તેને પ્રગટ કરવાનો ઉપાય પણ બતાવ્યો કે स्वानुभूत्या चकासते એટલે કે પોતે પોતાના અનુભવરૂપ ક્રિયાવડે પ્રગટ થાય છે. આત્મા પોતે પોતાને સ્વાનુભવ વડે જ જાણે છે; વિકલ્પવડે, રાગવડે, વાણીવડે આત્માં જણાતો નથી.

અહા, ચૈતન્યવસ્તુની કોઈ અપાર શક્તિ ને અપાર મહિમા છે. ચૈતન્યસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, તે સ્વાનુભવથી પોતે પોતાને જાણે છે. સ્વાનુભૂતિરૂપ ક્રિયાવડે આત્માની પૂર્ણ શુદ્ધદશા જેને પ્રગટી તે દેવ છે, તે ઇષ્ટપદ છે, તે સાધ્ય છે. તેને લક્ષમાં લઈને મંગળાચરણમાં નમસ્કાર કર્યાં છે. જે શુદ્ધઆત્માને નમ્યો તે રાગને નહિ નમે; શુદ્ધાત્મા જેણે રુચિમાં લીધો તે રાગની રુચિ નહિ કરે. રાગથી જાુદો પડીને શુદ્ધઆત્માને લક્ષમાં લીધો ત્યાં સાધકદશા થઈ, અપૂર્વ મંગળ થયું. જ્ઞાનની બીજ ઊગી તે હવે વધીને કેવળજ્ઞાન–પૂર્ણિમારૂપ થશે.

જેવા સિદ્ધપરમાત્મા શુદ્ધ છે તેવો જ દરેક આત્માનો શુદ્ધસ્વભાવ છે. આવા શુદ્ધસ્વભાવપણે આત્માને દેખવો–શ્રદ્ધવો–અનુભવવો તે સાચું ‘नमः समयसाराय’ છે. સમયસાર એટલે શુદ્ધઆત્મા કેવો છે તે જાણ્યા વગર તેને સાચા નમસ્કાર કયાંથી થાય? શુદ્ધઆત્મા તરફ પર્યાય નમે તે સાચા નમસ્કાર છે.

ભગવાન્! તું કોણ છો? તેની આ વાત છે. જેઓ સિદ્ધ અને અરિહંત પરમાત્મા થયા તેઓ કયાંથી થયા? આત્મામાં એવો સ્વભાવ છે તે અનુભવવડે પ્રગટ કરીને તેઓ પરમાત્મા થયા; તેમ આ આત્મામાં પણ એવો સ્વભાવ વિદ્યમાન જ છે, તેની સન્મુખ થઈને અનુભવ કરતાં આ આત્મા પોતે પરમાત્મા થાય છે. ભાઈ, આવો તારો આત્મા છે તેને તું પ્રતીતમાં લે, ઓળખાણ કર. આવા સ્વભાવની સન્મુખ થઈને અનુભવ કરતાં વચ્ચે રાગના ભાવ વગર સીધો આત્મા વેદનમાં આવે છે; આવા સ્વસંવેદનરૂપ જે ક્રિયા છે તે ધર્મ છે, તે આત્માને પ્રસિદ્ધ કરવાનો ઉપાય છે. અંતર્મુખ આવી પરિણતિમાં ભગવાન આત્મા આખો પ્રસિદ્ધ થાય છે; તેમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સમાઈ ગયા.

દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ આત્મા જેવો છે તેવો ભગવાને ઓળખાવ્યો છે. ભગવાનને તો દ્રવ્ય–ગુણ પર્યાય ત્રણે શુદ્ધ થઈ ગયા છે; વિકાર રહ્યો નથી; આ આત્માનો પણ એવો શુદ્ધસ્વભાવ છે.

તે કઈ રીતે ઓળખાય? કે સ્વાનુભૂતિરૂપ ક્રિયાવડે તે ઓળખાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય કે સાધન નથી. સ્વાનુભૂતિની ક્રિયામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાઈ જાય છે; વિકલ્પ તેમાં ન આવે.

સ્વાનુભવ વડે આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે. ઇન્દ્રિયજ્ઞાનવડે કે વિકલ્પવડે આત્મા પ્રત્યક્ષ ન થઈ શકે, પણ સ્વાનુભવરૂપ જ્ઞાનવડે આત્મા પ્રત્યક્ષ થાય છે;–ભલે મતિશ્રુતજ્ઞાન હોય–પણ સ્વાનુભૂતિ વડે તેનાથી આત્મા પોતે પોતાને સ્પષ્ટ જાણી શકે છે. અહા, જ્ઞાનવડે પોતે પોતાને જાણવો–તેમાં કોઈ અપૂર્વ આનંદ છે. પોતે પોતાને જાણતાં અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિયસુખ થાય છે. તેમાં બીજું કોઈ સાધન નથી. આત્મા સારરૂપ એટલા માટે છે કે તેને જાણતાં પરમસુખ થાય છે. આત્મામાં સુખ છે ને તેને જાણતાં સુખ વેદાય છે. બાહ્ય પદાર્થોમાં સુખ નથી ને તેની સામે જોતાં સુખ વેદાતું નથી. અહા, આવો સુખસ્વભાવી આત્મા તે જ સર્વે પદાર્થોમાં સારરૂપ ઉત્કૃષ્ટ છે. આવા આત્માને લક્ષમાં લઈને નમસ્કાર કર્યાં, તે અપૂર્વ મંગળ છે.

શુદ્ધઆત્માનું સ્વરૂપ લક્ષમાં લઈને નમસ્કાર કરતાં તેમાં અનંતા સિદ્ધભગવંતો ને અનંતા અરિહંતો–તીર્થંકરો પણ સમાઈ જાય છે, કેમકે તે બધાય પણ શુદ્ધઆત્મા છે. રાગાદિ મેલરહિત વીતરાગી શુદ્ધદશા જેણે પ્રગટ કરી એવો શુદ્ધઆત્મા જ ઇષ્ટ દેવ છે. 'समयसार' કહેતાં તેના અર્થમાં પાંચે પરમેષ્ઠી ભગવંતો, તેમજ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આવી જાય છે. सम्‌अयसारः सम् કહેતાં સમ્યગ્દર્શન, अय કહેતાં સ્મ્યગ્જ્ઞાન, અને सार કહેતાં ચારિત્ર, આવા રત્નત્રયરૂપ પરિણમેલો શુદ્ધઆત્મા તે समयसार છે. તે ઇષ્ટ છે, તેને નમસ્કાર હો.

'સમયસાર'માં તો આત્માના ઊંડા ગંભીર ભાવો ભર્યાં છે. આચાર્ય ભગવાન જ્યારે અંતરના અનુભવની વાત આ સમયસારમાં લખતા હશે–ત્યારે કેવો ધન્યકાળ હશે!! જગતનાં ભાગ્ય છે કે આવું શાસ્ત્ર આ કાળે રચાઈ ગયું. સાક્ષાત્ ભગવાનનો જેમને ભેટો થયો તે કુંદકુંદાચાર્યદેવની અલૌકિક દશાની શી વાત! ને ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે પણ સમયસારના અલૌકિક ભાવો ખોલ્યાં છે. જેમ તીર્થંકર અને ગણધરની જોડી શોભે તેમ કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્યની જોડી જૈનશાસનમાં શોભે છે. તેમનું રચેલું આ સમયસાર તે તો સાધકના હૃદયનો વિસામો છે...જ્ઞાન અને રાગની ભિન્નતાનું અલૌકિક ભેદજ્ઞાન તેમાં કરાવ્યું છે.



**સમયસારનો મહિમા કરતાં ગુરુદેવ કહે છે કે હે ભવ્ય! તું અપૂર્વ ભાવે સમયસાર સાંભળજે. શુદ્ધાત્માનો અનુભવ કરનારા સંતોના હૃદયમાંથી નીકળેલું આ શાસ્ત્ર શુદ્ધાત્માનો અનુભવ કરાવીને ભવનો નાશ કરાવનારું છે....** **આત્માના અશરીરીભાવને દર્શાવનારું આ શાસ્ત્ર છે.** હે શ્રોતા! તું સાવધાન થઈને (એટલે કે ભાવશ્રુતને અંતરમાં એકાગ્ર કરીને) સાંભળ....તેથી તારો મોહ નષ્ટ થઈ જશે, ને તું પરમાત્મા થઈ જઈશ. આ શાસ્ત્રની કથનીમાંથી ધર્માત્મા શુદ્ધઆત્માને પ્રાપ્ત કરી લ્યે છે. શુદ્ધઆત્માનો અનુભવ કરાવવો તે આ શાસ્ત્રનું તાત્પર્ય છે. આવા શુદ્ધાત્માને ધ્યેયરૂપ સ્થાપીને તેને નમસ્કારરૂપ મહા મંગળ–સ્તંભ રોપ્યા છે.

આ માંગળિકમાં સાધ્ય ને સાધક બંને ભાવ સમાઈ જાય છે. સમયસારરૂપ જે શુદ્ધઆત્મા તે સાધ્ય છે, અને તેને નમસ્કારરૂપ સાધકભાવ છે, અથવા સ્વાનુભૂતિ તે સાધકભાવ છે. આવી સાધક–સાધ્યની સંધિપૂર્વક મોક્ષના માણેકસ્થંભ રોપીને આ સમયસાર (૧૬ મી વખત) શરૂ થાય છે.

❀ ❀ ❀

આ સમયસારમાં દર્શાવેલો જે શુદ્ધ જ્ઞાયકભાવ, તેના ઘોલન વડે આત્માની પરિણતિ અત્યંત શુદ્ધ થશે. વચ્ચે વિકલ્પ આવે તેના ઉપર કે વાણી ઉપર લક્ષ રાખીશ નહિ, પણ તેના વાચ્યરૂપ જે જ્ઞાયકભાવ–તેના ઉપર લક્ષ રાખજે,–તે તરફ જ્ઞાનને એકાગ્ર કરજે. રાગનો ઉત્સાહ રાખીશ મા, જ્ઞાયકસ્વભાવનો જ ઉત્સાહ રાખજે. જ્ઞાયકભાવના પ્રેમથી તને પરમ સુખ થશે,–એમ આશીર્વાદપૂર્વક સમયસાર સંભળાવે છે.

કેવળજ્ઞાન અને ભાવશ્રુતજ્ઞાન બંનેની એક જાત છે. જેવા આત્માને કેવળજ્ઞાન દેખે છે તેવા જ આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષવડે શ્રુતજ્ઞાન પણ દેખે છે. શ્રુતજ્ઞાનની પણ તાકાત મહાન છે; શ્રુતજ્ઞાન પણ રાગના અવલંબન વગરનું છે. શ્રુતજ્ઞાનરૂપ સાધકપર્યાય પણ અંતરમાં પોતાના પૂર્ણ ધ્યેયને પકડીને તેને અવલંબનારી છે. શ્રુતજ્ઞાનની આંખ એવડી મોટી છે કે પરમાત્મા જેવા આખા શુદ્ધઆત્માને તે દેખી લ્યે છે. તે શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાન જેવું જ નિઃશંક છે. અહા, શ્રુતજ્ઞાની–સાધક પણ કેવળજ્ઞાની–પરમાત્માની પંક્તિમાં બેસનારા છે.

ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય દેવ પોતે મહા સમર્થ મુનિ છે, ત્રણ કષાયના અભાવરૂપ શુદ્ધતા તો તેમને પ્રગટી જ છે, માત્ર જરાક સંજ્વલન કષાય બાકી છે; તેનો પણ નાશ થઈને પરમ વિશુદ્ધિ એટલે વીતરાગતા ને કેવળજ્ઞાન થાઓ–એવી ભાવનાથી કહે છે કે અહો! આ સમયસારની વ્યાખ્યાથી, એટલે કે તેમાં કહેલા વાચ્યરૂપ શુદ્ધઆત્માના ઘોલનથી મારી અનુભૂતિ પરમ શુદ્ધ થઈ જશે. હું શુદ્ધ ચિન્માત્ર છું–એવા મારા સ્વભાવના ઘોલનથી પરિણતિ પૂર્ણાનંદરૂપ શુદ્ધ થઈ જશે. આમ કહીને સમયસારના ઘોલનનું ફળ પણ બતાવ્યું; પર્યાયમાં અશુદ્ધતા બાકી છે તેનો પણ સ્વીકાર કર્યો, તે ટાળીને પૂર્ણ શુદ્ધતાનો ઉપાય પણ બતાવ્યો; શુદ્ધ ચિન્માત્ર આત્મસ્વભાવનું ઘોલન કરવારૂપ શાસ્ત્રતાત્પર્ય પણ બતાવ્યું. આ શાસ્ત્ર સાંભળીને શું કરવું? કે શુદ્ધ ચિન્માત્ર આત્માનું ઘોલન કરવું. વિકલ્પનું કે રાગનું ઘોલન ન કરવું, તેના લક્ષે ન અટકવું, પણ લક્ષને વાચ્યરૂપ શુદ્ધ આત્મામાં જોડીને તેનું ઘોલન કરવું. એમ કરવાથી જ સાધકદશા પ્રગટે છે, ને વધીને પૂર્ણ થાય છે.

અહા, મુનિરાજને ઘણી શુદ્ધતા તો થઈ છે, પણ હજી જરાક કષાયકણથી પરિણતિમાં મલિનતા છે તે પાલવતી નથી, તેથી તેનો નાશ કરીને પૂર્ણ શુદ્ધતાની ભાવના છે; ને તે પૂર્ણ શુદ્ધતા મારા શુદ્ધચિન્માત્ર સ્વભાવના ઘોલનથી જ થશે–એવું ભાન છે. વિકલ્પનો તો નાશ કરવા માગે છે, તો તે શુદ્ધતાનું સાધન કેમ થાય? શુદ્ધતાનું સાધન વિકલ્પ ન થાય; શુદ્ધસ્વભાવનું ઘોલન જ શુદ્ધતાનું સાધન થાય.

અહા, આ તો 'समयसार' છે,–એકલું શુદ્ધાત્માનું ઘોલન છે.....પદેપદે–પર્યાયે–પર્યાયે શુદ્ધઆત્મા ઘૂંટાય છે. શુદ્ધ આત્માને જાણતાં જ સાચું જ્ઞાન ને સુખ થાય છે. સુખ તો આત્મામાં છે, તેની સન્મુખ થઈને તેને જાણતાં સુખ અનુભવાય છે; બીજો કોઈ સુખનો રસ્તો નથી. શુદ્ધ આત્માના લક્ષે આ સમયસારના શ્રવણનું ફળ ઉત્તમ સુખ છે. છેલ્લે આચાર્ય દેવ કહેશે કે–

**આ સમયપ્રાભૃત પઠન કરીને અર્થ-તત્ત્વથી જાણીને;**
**ઠરશે અરથમાં આતમા જે સૌખ્ય ઉત્તમ તે થશે.**

આવા આ મહાન શાસ્ત્રનો પ્રારંભ કરતાં ઉત્કૃષ્ટ મંગળરૂપે અનંતા સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને, સિદ્ધસમાન શુદ્ધાત્માને ધ્યેય બનાવે છે. અનંત સિદ્ધભગવંતોને આત્મામાં બોલાવીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું, પહેલી ગાથા ઉપરનું અપૂર્વ ભાવભીનું પ્રવચન આ અંકમાં સત્તરમાં પાને વાંચો.

# પ્ર વ ચ ન સા ર

## વીતરાગચારિત્રના ફળસ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખ-તેના દિવ્ય મહિમાની મંગલવીણા

卐

આચાર્યદેવ વિદેહક્ષેત્રમાં ગયા...અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિયસુખરૂપ પરિણમેલા તીર્થંકરદેવને અને કેટલાય કેવળી ભગવંતોને નજરે નીહાળ્યા, શુદ્ધોપયોગરૂપે પરિણમી-પરિણમીને કેવળજ્ઞાનને સાધી રહેલા ગણધરાદિ વીતરાગ સન્તોના ટોળાંને નજરે દેખ્યા, પોતાના આત્મામાંય એવા શુદ્ધોપયોગની ધારા વહેતી હતી; અને વળી ૐકારધ્વનિરૂપ જિનપ્રવચનમાં અતીન્દ્રિય જ્ઞાન-સુખનું સાક્ષાત્ શ્રવણ કર્યું ....એ બધાયનો ધોધ આચાર્યદેવે આ પ્રવચનસારમાં રેડયો....અને તેના દ્વારા જાણે કે ભરતના જીવોને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદની જ ભેટ આપી. આજે પૂ. ગુરુદેવ કુંદકુંદસ્વામીની એ મહાન ભેટ આપણને આપી રહ્યા છે.....અતીન્દ્રિયજ્ઞાન-આનંદરસના ઘૂંટડા પીવડાવી રહ્યા છે....લીજીયે....ચૈતન્યરસ પીજીયે.

[ પ્રવચન શરૂ, વીર સં. ૨૪૯૪, ભાદ્ર સુદ ૧૧ ]

પંચપરમેષ્ઠીને પ્રણમનપૂર્વક પ્રવચનસારનો પ્રારંભ થાય છે.

ભગવાનની દિવ્યવાણીરૂપ જે પ્રવચન, તેનો સાર શું? તે આ પ્રવચનમાં કુંદકુંદાચાર્યદેવે બતાવ્યું છે; તેઓ વિદેહક્ષેત્રે જઈને સીમંધર પરમાત્માની સાક્ષાત્ વાણી સાંભળી આવ્યા હતા; તેનો સાર આમાં રચ્યો છે. એવું આ પ્રવચનસાર આજે શરૂ થાય છે.

અમૃતચંદ્રાચાર્યદેવે તત્ત્વપ્રદીપિકા નામની ટીકા રચી છે–જે દીપકની માફક તત્ત્વોનું સ્વરૂપ પ્રકાશે છે. તેઓ ટીકાના મંગલાચરણમાં જ્ઞાનાનંદસ્વરૂપ ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર કરે છે. તે આત્મા કેવો છે? કે સ્વાનુભવપ્રસિદ્ધ છે. આવા

સ્વાનુભવ–પ્રસિદ્ધ પરમાત્માને ઓળખીને તેને જે નમસ્કાર કરે છે તેને પોતામાં પણ પોતાનો આત્મા સ્વાનુભવ–પ્રસિદ્ધ થાય છે.

બધાય આત્મા ઉત્કૃષ્ટ જ્ઞાન–આનંદસ્વરૂપ છે; તેને ઓળખીને સ્વાનુભવ કરતાં તે પર્યાયમાં પ્રસિદ્ધ થાય છે. અહો, જ્ઞાનઆનંદ જેને પૂર્ણ પ્રગટી ગયા છે એવા ઉત્કૃષ્ટ સિદ્ધપરમાત્મા, તે સર્વે પરમાગમના સારરૂપ છે. જિનવાણીરૂપ પ્રવચન, તેનો સાર એ છે કે સ્વાનુભવ વડે આત્મપ્રસિદ્ધિ કરીને સિદ્ધદશા પ્રગટ કરવી.

પંચપરમેષ્ઠી મંગલસ્વરૂપ છે. શાસ્ત્રકાર અને ટીકાકાર બંને આચાર્ય ભગવંતો પોતે પણ પરમેષ્ઠીસ્વરૂપ છે. પણ હજી પૂર્ણદશારૂપ સર્વજ્ઞપદ નથી પ્રગટયું તેથી પૂર્ણદશારૂપ પરમાત્માને નમસ્કાર કરે છે.

☆ ☆ ☆

બીજા શ્લોકમાં આચાર્યદેવે અનેકાન્તમય જ્ઞાનની સ્તુતિ કરી છે. અનેકાન્તમય તેજ–પ્રકાશ મોહઅંધકારને નષ્ટ કરે છે, ને સ્વ–પર પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રકાશે છે. આવું આનંદમય અનેકાન્ત જ્ઞાન–તેને નમસ્કાર હો. ભગવાને કહેલાં શાસ્ત્રો પણ અનેકાન્તમય છે, તે પણ જયવંત છે. ને અનેકાન્તસ્વરૂપ આત્માને પ્રકાશનારા ભાવશ્રુતજ્ઞાનરૂપ અનેકાન્તપ્રકાશ, તે પણ સાધકપણામાં સદા જયવંત વર્તે છે, એટલે તે ભાવશ્રુત વચ્ચે ભંગ પડયા વગર કેવળજ્ઞાનને સાધશે. અનેકાન્તમય જ્ઞાનપ્રકાશ જગતના સ્વરૂપને પ્રકાશે છે અને મોહ–અંધકારને નષ્ટ કરે છે. –તેને સદા જયવંત કહીને સ્તુતિ કરી.

ત્યારપછી ત્રીજા શ્લોકમાં એમ કહ્યું કે હું આ પરમાગમની ટીકા કરું છું.–કોને માટે કરું છું? કે પરમ આનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્યજીવોના હિતને માટે આ ટીકા કરું છું. જેને ચૈતન્યના આનંદની જ પિપાસા છે, જેને પુણ્યની કે સ્વર્ગાદિ વૈભવની અભિલાષા નથી, જેને ચૈતન્યના અતીન્દ્રિય પરમાનંદની જ અભિલાષા છે, એવા મુમુક્ષુ જીવોના હિતને માટે આ ટીકા રચાય છે. અહો જેના અંતરમાં પરમઆનંદને માટે તૃષા છે એવા જીવોને માટે સંતોએ આ આનંદનું પરબ ખોલ્યું છે. આ ટીકાવડે આનંદરસનું પરબ બાંધ્યું છે, –જેને આનંદરસનું પાન કરવું હોય તેને માટે આ પરબ છે. અહો જીવો! આ શાસ્ત્રમાં કહેલા અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય સુખના ભાવો સમજતાં તમને પરમઆનંદની પ્રાપ્તિ થશે...ને તે આનંદ વડે તમને તૃપ્તિ થશે. પરમ આનંદનો અનુભવ પ્રગટે તે જ આ શાસ્ત્રનો હેતુ છે.

હે ભાઈ, તું ચૈતન્યના આનંદનો જ પિપાસુ થઈને સાંભળજે; રાગની અભિલાષા કરીશ નહિ; 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.'–આમ આત્માના આનંદનો પિપાસુ થઈને જે જીવ આ શાસ્ત્ર સાંભળશે તેને અવશ્ય પરમ આનંદની પ્રાપ્તિ થશે.

☆☆☆

હવે પાંચ ગાથા શરૂ કરતાં પહેલાં અમૃતચંદ્રાચાર્યદેવ ઉપોદ્ઘાતમાં શાસ્ત્રકાર કુંદકુંદાચાર્યદેવની ઓળખાણ તથા મહિમા પ્રગટ કરે છે: જુઓ કુંદકુંદસ્વામી તો હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા છે, છતાં હજાર વર્ષ પછી પણ તેમની અંતરંગદશાને અમૃતચંદ્રાચાર્યે ઓળખી લીધી છે. તેઓ કહે છે કે અહો! સંસારસમુદ્રનો કિનારો તેમને અત્યંત નિકટ છે; જેમને સાતિશય જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. જુઓ, એક ભાવલિંગી સંતની દશાને બીજા ભાવલિંગીસંત ઓળખી લ્યે છે; પોતાના જ્ઞાનની વિશેષ નિર્મળતાને પણ ઓળખી લ્યે છે. આત્માની નિર્મળ જ્ઞાનજ્યોત રાગથી તદ્ન જુદી છે. આવી જ્ઞાનજ્યોત પોતાને પણ પ્રગટી છે, ને કુંદકુંદાચાર્યદેવને પણ હજાર વર્ષ પહેલાં પ્રગટી હતી–એમ તેમના વચન ઉપરથી જાણી લીધું છે. સમસ્ત એકાન્તવાદની વિદ્યાનો અભિનિવેશ જેમને છૂટી ગયો છે, એટલે અજ્ઞાનનો વ્યય થયો છે,–ને શેની ઉત્પત્તિ થઈ છે? કે પારમેશ્વરી અનેકાન્તવિદ્યા જેમને પ્રગટી છે; જેઓ ચારિત્રદશા પ્રગટ કરીને અત્યંત મધ્યસ્થ થયા છે, બધા પુરુષાર્થમાં સારભૂત અને આત્માને ઉત્કૃષ્ટ હિતરૂપ એવી મોક્ષલક્ષ્મીને જ જેમણે ઉપાદેય કરી છે; વચ્ચે સરાગચારિત્રના ફળમાં સ્વર્ગવૈભવ આવશે ખરો પણ તેને ઉપાદેય નથી કર્યો, તેને તો અનિષ્ટફળ જાણીને હેય કર્યો છે, શુદ્ધોપયોગને અને તેના ફળરૂપ મોક્ષને જ ઉપાદેયરૂપે સ્વીકાર્યું છે. મોક્ષ એટલે અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાન ને પૂર્ણસુખ–તે જ આત્માને પરમ હિતરૂપ છે. અને એવી મોક્ષદશા ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજે છે. પંચપરમેષ્ઠીનો ઉપદેશ ઝીલીને પોતે પોતામાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો, ત્યારે પંચપરમેષ્ઠી ભગવંતોની પ્રસન્નતા થઈ–એમ ભક્તિથી કહેવાય છે, કેમકે મોક્ષમાર્ગ પ્રગટ કરવામાં પંચપરમેષ્ઠી જ નિમિત્ત હોય છે, વિપરીત નિમિત્ત હોતું નથી. આમ યથાર્થ નિમિત્તનું જ્ઞાન કરાવવા, તેમના પ્રત્યેની પરમ ભક્તિને લીધે, તેમના પ્રસાદથી જ મોક્ષ ઊપજે છે–એમ કહેવામાં આવે છે. આવી મોક્ષલક્ષ્મીને જ આચાર્યદેવે ઉપાદેયપણે નક્કી કરી છે.

વીતરાગભાવરૂપ જે મોક્ષપુરુષાર્થ તે જ સારરૂપ છે; શુભરાગનો પુરુષાર્થ સારરૂપ નથી, ઉપાદેય નથી; વીતરાગભાવના ફળરૂપ મોક્ષલક્ષ્મી તે જ ઉપાદેય છે. શુભરાગના ફળમાં સ્વર્ગનો વૈભવ મળે ત્યાં પણ જીવ આકુળતાથી દુઃખી જ છે, એમ આગળ બતાવશે.

જેણે આવી વિવેકજ્યોતિ પ્રગટ કરીને મોક્ષનો પુરુષાર્થ કર્યો તેના ઉપર ભગવંત પંચપરમેષ્ઠીની કૃપા થઈ, પરમેષ્ઠી ભગવંતો તેના ઉપર પ્રસન્ન થયા. એટલે કે સાધક દશામાં જીવને આવા આત્મસ્વરૂપ પામેલા પંચપરમેષ્ઠી જ નિમિત્તરૂપે હોય, એનાથી વિરુધ્ધ નિમિત્ત ન હોય. તેથી યથાર્થ નિમિત્તની પ્રસિદ્ધિ કરવા કહ્યું કે મોક્ષલક્ષ્મીની ઉત્પત્તિ ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી થાય છે. વીતરાગભાવરૂપે પરિણમેલા જીવો જ વીતરાગી મોક્ષમાર્ગના નિમિત્ત થાય છે.

સમયસારની પાંચમી ગાથામાં પણ નિજ–આત્માના વૈભવનું વર્ણન કરતાં આચર્યદેવ કહે છે કે ભગવાન સર્વજ્ઞદેવથી માંડીને અમારા ગુરુપર્યંત જે પરાપર ગુરુઓ–તેમણે અનુગ્રહપૂર્વક અમને જે શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો તેના વડે અમને નિજવૈભવની પ્રાપ્તિ થઈ છે. પોતાને જે નિજવૈભવ પ્રગટયો તેમાં નિમિત્ત કોણ છે તેની પ્રસિદ્ધિ કરીને વિનય કર્યો છે.

જેમ ગતિક્રિયામાં ધર્માસ્તિ જ નિમિત્ત હોય, તેમ વીતરાગી મોક્ષમાર્ગમાં ગમન કરવામાં વીતરાગી–પંચપરમેષ્ઠી ભગવંતો ભગવંતો જ નિમિત્ત હોય. આચાર્યદેવ કહે છે કે પંચમરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને, તેમના પ્રસાદથી મેં સાક્ષાત્ મોક્ષમાર્ગ અંગીકાર કર્યો છે. હું મોક્ષમાર્ગનો આશ્રય કરું છું, એટલે કે શુદ્ધાત્મામાં એકાગ્ર થતાં મોક્ષમાર્ગ પર્યાય પ્રગટી જાય છે તેને મોક્ષમાર્ગનો આશ્રય કર્યો–એમ કહેવાય છે.

આવી દશાવાળા આચાર્યદેવ આ પ્રવચનસારના પ્રારંભમાં તીર્થનાયક મહાવીર ભગવાન વગેરે પંચપરમેષ્ઠી ભગવંતોને ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક નમસ્કાર કરે છે,–જાણે પંચપરમેષ્ઠી ભગવંતો પોતાની સન્મુખ સાક્ષાત્ બિરાજતા હોય તેમ તેમને નમસ્કાર કરે છે, અને વીતરાગ–શુદ્ધોપયોગરૂપ ચારિત્ર અંગીકાર કરવાની પ્રતિજ્ઞા કરે છે.

( ગાથા ૧ થી ૫ )

પંચપરમેષ્ઠીને વંદન કરતાં તે પંચપરમેષ્ઠીનું સ્વરૂપ તો ઓળખે છે ને સાથે પોતાનું પરમાર્થસ્વરૂપ કેવું છે તે પણ ઓળખે છે. નમસ્કાર કરનાર હું કેવો છું? કે સ્વસંવેદનથી પ્રત્યક્ષ જ્ઞાનદર્શનસ્વરૂપ છું. દેહની ક્રિયારૂપ હું નથી, વંદનના રાગનો વિકલ્પ ઊઠયો તે વિકલ્પસ્વરૂપ હું નથી, હું તો જ્ઞાનદર્શનસ્વરૂપ છું, ને મારા આવા આત્માને મેં સ્વસંવેદનમાં પ્રત્યક્ષ કર્યો છે.

આવો સ્વસંવેદનપ્રત્યક્ષ હું, પ્રથમ તો શ્રી વર્દ્ધમાનદેવને નમસ્કાર કરું છું–કેમકે તેઓ પ્રવર્તમાન તીર્થના નાયક છે; વળી કેવા છે ભગવાન વર્ધમાનદેવ? સુરેન્દ્રો, નરેન્દ્રો ને અસુરેન્દ્રોથી વંદિત છે તેથી ત્રણલોકના એક સર્વોત્કૃષ્ટ ગુરુ છે. ઊર્ધ્વલોકના સુરેન્દ્રો, મધ્યલોકના નરેન્દ્રો ને અધોલોકમાં ભવનવાસી વગેરે અસુરેન્દ્રો એમ ત્રણ લોકના જીવોથી ભગવાન વંદનીય છે. કોઈક મિથ્યાદ્રષ્ટિ જીવો ન માને તેની ગણતરી નથી કેમકે ત્રણ લોકના ઇન્દ્ર વગેરે મુખ્ય જીવો ભગવાનને વંદે છે, તેથી ત્રણે લોકથી ભગવાન વંદનીય છે.

વળી ભગવાને ઘાતિકર્મને ધોઈ નાખ્યા છે તેથી સર્વજ્ઞતા પ્રગટી છે, અનંતશક્તિરૂપ પરમેશ્વરતા પ્રગટી છે; ભગવાનને પ્રગટેલી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા જગત ઉપર અનુગ્રહ કરવામાં સમર્થ છે. ભગવાનની વાણીની વાત અહીં ન લીધી, પણ સીધી ભગવાનના આત્માની વાત લીધી; ભગવાનના આત્માને પ્રગટેલી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા જગત ઉપર ઉપકાર કરવા સમર્થ છે. એટલે તે પરમેશ્વરતાને જે સમજે

તેને તેવી પરમેશ્વરતા પ્રગટે, અને તેમાં ભગવાનનો ઉપકાર છે. ભગવાન તો ત્રણેલોકના જીવોને અનુગ્રહ કરવા સમર્થ છે,–પછી સામો જીવ કોઈ ન સમજે તો તે તેનો દોષ છે. અહીં તો કહે છે કે અહો, અમારા ઉપર તો ભગવાનનો મહાન અનુગ્રહ છે; અમે સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કર્યો, ને ભગવાને તેમ કરવાનું જ કહ્યું હતું તેથી ભગવાનનો અમારા ઉપર પરમ અનુગ્રહ થયો, આવો અનુગ્રહ કરનારા ભગવાનને નમસ્કાર કરું છું.

ભગવાન પોતે તીર્થસ્વરૂપ હોવાથી યોગીઓને તારવાને સમર્થ છે. ભગવાન પોતે ભવથી તર્યા છે ને જે યોગીઓ જિનસ્વરૂપમાં ઉપયોગને જોડીને ભવથી તરી રહ્યા છે તેમને તારવાને ભગવાન સમર્થ છે. સ્તુતિકાર કહે છે કે હે ભગવાન! તરવાનો ઉપાય તો અમે કરીએ ને તમે અમને તારનારા કહેવાઓ–તેમાં તો શું નવાઈ! પરંતુ અમારા પુરુષાર્થ કર્યા વગર તમે અમને તારી દ્યો–તો તારનારા ખરા! અમે પુરુષાર્થ કરીએ ને અમે તરીએ–તેમાં શું આશ્ચર્ય!–એટલે કે ભગવાનને તારનારા કહેવા તે તો નિમિત્તનું કથન છે. પોતાના સ્વરૂપમાં ઉપયોગને જોડે તેને માટે ભગવાન તારનારા છે. પણ જે પોતાનો ઉપયોગ નિજસ્વરૂપમાં જોડતો નથી તે પોતે તરતો નથી, ને નિમિત્તપણેય ભગવાન તેને તારનારા કહેવાતા નથી; ભગવાનને તે ઓળખતોય નથી. અહીં તો ભગવાનની ઓળખાણપૂર્વકના નમસ્કારની વાત છે,–તેમાં પોતાની ઓળખાણ પણ ભેગી જ છે. સૌથી પહેલાં જ ‘સ્વસંવેદનપ્રત્યક્ષ એવો હું’ એમ પોતાના આત્માને પંચપરમેષ્ઠીની નાતમાં ભેળવીને શરૂઆત કરી છે.

વળી ભગવાન કેવા છે? કે ધર્મકર્તા છે; ધર્મ એટલે શુદ્ધ સ્વરૂપપરિણતિ–તેના કર્તા છે. પોતાના આત્માની શુદ્ધપરિણતિના કર્તા છે; ને બીજા જીવોને પણ તેવી શુદ્ધપરિણતિરૂપ ધર્મનો ઉપદેશ દીધો છે. તે ભગવાન પરમ ભટ્ટારક છે, કેવળજ્ઞાનરૂપી સૂર્યનું તેજ જેમને ખીલી ગયું છે, તે કેવળી ભગવાનને ભટ્ટારક કહેવાય છે. વળી ભગવાન વર્દ્ધમાન મહા દેવાધિદેવ છે, પરમેશ્વર છે, પરમપૂજ્ય છે; અને તેમનું નામગ્રહણ પણ સારું છે. ‘વર્દ્ધમાન’ એવું ખાસ નામ લઈને કુંદકુંદાચાર્યદેવે નમસ્કાર કર્યા છે. અહો, ભગવાનનું નામગ્રહણ પણ સારૂં છે–પણ અંદર ભાવભાસન સહિતની વાત છે. આ રીતે ભગવાનને ઓળખીને, વર્તમાન તીર્થના નાયક શ્રી વર્દ્ધમાનદેવને નમસ્કાર કરું છું.

ત્યારપછી, ભૂતકાળમાં થયેલા સર્વ તીર્થંકરોને તથા સિદ્ધોને જ્ઞાનમાં લઈને નમસ્કાર કરું છું– –કેવા છે તે તીર્થંકરો અને સિદ્ધો?–કે શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામેલા છે. જુઓ, પોતે પણ દર્શનજ્ઞાનસ્વભાવરૂપ છે એવું સ્વસંવેદન કર્યું છે અને જેને નમસ્કાર કરું છું તેઓ પણ શુદ્ધ દર્શનજ્ઞાનસ્વરૂપ છે–એમ ઓળખાણ કરીને નમસ્કાર કર્યા છે. વળી પરમશુદ્ધઉપયોગભૂમિકા જેમણે પ્રાપ્ત કરી છે એવા આચાર્ય

–ઉપાધ્યાય–સાધુ સર્વે શ્રમણોને પણ નમસ્કાર કરું છું. તે મુનિવરો જ્ઞાનાચાર–દર્શનાચાર–ચારિત્રાચાર વગેરે પાંચ આચારયુક્ત છે; ને તેમણે પરમ શુદ્ધઉપયોગ પ્રગટ કર્યો છે. જુઓ, મોક્ષ સાધક જૈનમુનિ કેવા હોય તે પણ ઓળખાવ્યું.–મુનિ તેને કહેવાય કે જેણે શુદ્ધઉપયોગભૂમિકા પ્રાપ્ત કરી હોય.–આ રીતે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરનારની એટલી જવાબદારી છે કે શદ્ધોપયોગને અને રાગને ભિન્ન–ભિન્ન ઓળખે. રાગનો જે આદર કરશે તે પંચપરમેષ્ઠીને સાચા નમસ્કાર નહિ કરી શકે. અહીં તો શાસ્ત્રકાર આચાર્ય પોતે શુદ્ધોપયોગરૂપે પરિણમેલા છે; પોતે પંચપરમેષ્ઠીની પંક્તિમાં બેસીને પંચપરમેષ્ઠી ભગવંતોને ઉત્કૃષ્ટ નમસ્કાર કર્યાં છે.

વળી વિશેષ કહે છે કે, ફરીફરીને આ જ પંચપરમેષ્ઠીને, જાણે કે તેઓ મારી સન્મુખ સાક્ષાત્ હાજર બિરાજતા હોય એમ પરમભક્તિથી ચિંતવીને સર્વેને એકાથે તેમ જ એકેકને નમસ્કાર કરું છું, તેમની આરાધના કરું છું. જેમ વિદેહક્ષેત્રે સીમંધરાદિ તીર્થંકરો સાક્ષાત્ બિરાજે છે તેમ બધાય પંચપરમેષ્ઠી ભગવંતોને મારા જ્ઞાનમાં સાક્ષાત્રૂપ કરીને તેમને અભેદ નમસ્કાર કરું છું.

વંદન કરનાર હું કેવો છું? ને વંદન કરવા યોગ્ય પંચપરમેષ્ઠી ભગવંતો કેવા છે? –એમ બંનેની ઓળખાણપૂર્વકના આ નમસ્કાર છે.

જગતમાં સર્વજ્ઞ સદાય હોય જ છે. અરિહંતપણે તીર્થંકર સર્વજ્ઞદેવ પણ સદાય વિદ્યમાન હોય જ છે. ભરતક્ષેત્રમાં જન્મેલા તીર્થંકરનો ભલે અત્યારે અભાવ છે. પણ વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકરો અત્યારે બિરાજે છે, ને તે તીર્થંકરો પોતાના જ્ઞાનમાં સાક્ષાત્ની માફક તરવરે છે; તેથી આચાર્યદેવ કહે છે કે અમારા જ્ઞાનમાં તીર્થંકરોનો સદ્ભાવ છે. જેવા સીમંધરાદિ તીર્થંકર ભગવંતો સાક્ષાત્ વર્તમાનમાં બિરાજે છે તેવા જ સાક્ષાત્ પંચપરમેષ્ઠી ભગવંતો પણ જાણે વર્તમાન મારી સન્મુખ જ બિરાજતા હોય–એમ પરમ ભક્તિને લીધે તેમને વર્તમાનકાળગોચર કરીને આરાધું છું–સન્માન કરું છું–મારા મોક્ષલક્ષ્મીના સ્વયંવર–મંડપમાં તેમને બોલાવું છં.

સ્વયંવર–મંડપ એટલે શુદ્ધઉપયોગ અર્થાત્ પરમ નિર્ગ્રંથતાની દીક્ષાના ઉત્સવનો આનંદપ્રસંગ, તેમાં મંગલાચરણરૂપે પંચપરમેષ્ઠી ભગવંતોને હાજર રાખું છું. મોક્ષલક્ષ્મીને સાધવા જતાં પંચપરમેષ્ઠી જેવા શ્રેષ્ઠને સાથે રાખ્યા, હવે તે મોક્ષની પ્રાપ્તિમાં વચ્ચે વિઘ્ન નહીં આવે. અહો, આ તો મોક્ષને સાધવાનો આનંદમય પ્રસંગ છે; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ એકાગ્રતા પ્રટગ કરવાનો આ ઉત્તમ અવસર છે; તેમાં પંચપરમેષ્ઠી ભગવંતોને હું સન્માનું છું...પરમભક્તિથી તેમને નમસ્કાર કરું છું. કઈ રીતે? કે મારા આત્માને સ્વાનુભવપ્રત્યક્ષરૂપ કરીને નમસ્કાર કરું છું.

વિકલ્પ અને વાણી એ બંનેથી ભિન્ન જ્ઞાનદર્શનસ્વરૂપ આત્મા છે, તેને સ્વ

સંવેદનપ્રત્યક્ષ કર્યો છે, વિકલ્પનું ને વાણીનું કર્તૃત્વ જ્ઞાનમાં રહ્યું નથી. આવા પોતાના તેમ જ પંચપરમેષ્ઠીના આત્માનું સ્વરૂપ ઓળખીને નમસ્કાર કર્યાં છે. નમસ્કારનો વિકલ્પ ઊઠયો છે તેનાથી પણ પોતાને ભિન્ન જાણે છે, ને અંદર આત્માની શુદ્ધતા થતી જાય છે, એનું નામ ભાવનમસ્કાર છે. આવા નમસ્કાર કરીને તે પંચપરમેષ્ઠી ભગવંતોના આશ્રમને પામીને હું સમ્યગ્દર્શન–જ્ઞાનસમ્પન્ન થયો છું. જુઓ, પોતાના આત્મામાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયું તેની નિઃશંક ખબર પડે છે. આવા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક જ શુદ્ધોપયોગી ચારિત્રદશા હોય છે. મુનિઓને પણ શુદ્ધોપયોગરૂપ જે વીતરાગચારિત્ર છે તે જ મોક્ષનું કારણ છે; શુભરાગ રહી જાય તેટલું પુણ્યબંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી. માટે આચાર્યદેવ કહે છે કે પુણ્યબંધના કારણરૂપ એવા તે રાગને ઓળંગી જઈને હું વીતરાગચારિત્રને પ્રાપ્ત કરું છું.

છઠ્ઠા ગુણસ્થાને ચારિત્રદશા તો છે, પણ ત્યાં જે શુભવિકલ્પનો સદ્ભાવ છે તેટલો કષાયકણ વિદ્યમાન છે, તેને પણ છોડીને શુદ્ધોપયોગરૂપ વીતરાગ ચારિત્ર પ્રગટ કરવાની આ વાત છે. અહા, કુંદકુંદાચાર્ય જેવા સન્ત કહે છે કે પુણ્યના કારણરૂપ એવું સરાગચારિત્ર, તે વચ્ચે આવી પડયું હોવા છતાં તેને ઓળંગીને, મોક્ષના કારણરૂપ એવા વીતરાગચારિત્રને હું પ્રાપ્ત કરું છું, એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ એકાગ્રતાને હું અવલંબું છું.–આવો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.

શુભરાગ તો પુણ્યબંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી. તેને તો આચાર્યદેવે કલંક અને કલેશરૂપ કહીને છોડવા યોગ્ય કહ્યું છે. અને મોક્ષનું કારણ તો વીતરાગ ચારિત્ર છે,–તેને પ્રાપ્ત કરવાયોગ્ય કહ્યું છે. આનાથી જે વિરુધ્ધ માને તે 'પ્રવચન'ને એટલે કે જિનવાણીને સમજ્યો નથી; તેને સમ્યગ્દર્શન–જ્ઞાન હોતું નથી.

પંચપરમેષ્ઠી ભગવંતોનો આશ્રમ વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન છે, એટલે તે આશ્રમમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ રીતે પંચપરમેષ્ઠીના આશ્રમમાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને પછી રાગના અભાવરૂપ વીતરાગચારિત્રદશાને હું પ્રગટ કરું છું. જુઓ, પ્રવચનસારની શરૂઆતથી જ શુભરાગને હેયરૂપ ને વીતરાગભાવને જ ઉપાદેયરૂપ બતાવ્યો છે. તે શુભરાગ વચ્ચે આવશે પણ તે મોક્ષનું સાધન નથી માટે તેને હેયરૂપ જાણજે. રાગને મોક્ષનું કારણ માને તેને તો શ્રદ્ધા–જ્ઞાન પણ સાચાં નથી.

અહો, નિર્ગ્રંથ સાધુપણારૂપ જે મોક્ષમાર્ગ, તેમાં પ્રથમ તો શુદ્ધાત્મતત્ત્વના શ્રદ્ધા–જ્ઞાનરૂપ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોય છે; સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક ચૈતન્યતત્ત્વમાં એકાગ્ર થતાં વીતરાગચારિત્ર પ્રગટે છે. આવા શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ તે વીતરાગભાવરૂપ છે. વચ્ચે છઠ્ઠા ગુણસ્થાને શુભરાગરૂપ કષાય કણ વર્તે છે તે તો બંધનું કારણ છે, તે કાંઈ મોક્ષનું સાધન નથી.

અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ લેવો છે એટલે વીતરાગચારિત્રની વાત લીધી; બાકી તો ચોથા–પાંચમા વગેરે ગુણસ્થાને પણ જે રાગરહિત ભાવ પ્રગટયો છે તે જ ધર્મ છે, ને જે રાગ છે તે ધર્મ નથી. પહેલેથી જ આ રીતે રાગ અને ધર્મની ભિન્નતારૂપ વહેંચણી કરતાં જેને ન આવડે, ને જે રાગને ધર્મ માને તેને તો ધર્મની શરૂઆત પણ થતી નથી, શ્રદ્ધા જ જ્યાં ખોટી છે ત્યાં ચારિત્ર કેવું?

અહો, આ તો સર્વજ્ઞપરમેશ્વરો ને પંચપરમેષ્ઠી ભગવંતો જે માર્ગે ગયા, તે માર્ગમાં ભળવાની વાત છે. ભાઈ, આ તો વીતરાગી પરમેશ્વરોનો વીતરાગમાર્ગ છે. જગતપૂજ્ય એવું પરમેષ્ઠીપદ રાગવડે નથી પ્રગટતું, એ તો વીતરાગતાવડે પ્રગટે છે. આવી દશાને ઓળખીને તેનો જ આદર કરવા જેવું છે.

મુનિદશામાં સરાગચારિત્ર ને વીતરાગચારિત્ર બંને હોય છે પણ, આચાર્યદેવ કહે છે કે, તેમાંથી સરાગચારિત્રને હું અંગીકાર નથી કરતો કેમકે તે તો કષાયવાળું છે, પુણ્યબંધનું કારણ છે; તેથી તેને તો હું ઓળંગી જાઉં છું; તેને છોડીને મોક્ષના કારણરૂપ વીતરાગચારિત્રને જ હું અંગીકાર કરું છું. આવી પ્રતિજ્ઞાવડે ત્યારે તેમણે સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો. જુઓ તો ખરા, હજાર વર્ષ પહેલાંના મુનિરાજને સાક્ષાત્ નિર્વિકલ્પદશા થઈ–એનો નિર્ણય હજાર વર્ષ પછીના મુનિરાજે કરી લીધો. મુનિઓની દશા અલૌકિક હોય છે. આવો સાક્ષાત્ વીતરાગ મોક્ષમાર્ગ આ કાળે પણ હોય છે. સાતમા ગુણસ્થાનની આ વાત છે; ને આ કાળે પણ ભરતક્ષેત્રના જીવને સાતમા ગુણસ્થાનની દશા પ્રગટી શકે છે. આવી દશા કુંદકુંદાચાર્યદેવને હતી–એમ અમૃતચંદ્રાચાર્યદેવે પ્રસિદ્ધ કર્યું છે.

અહો, આવી મુનિદશાની પળ ધન્ય છે....આવી વીતરાગદશામાં આત્મા ઝુલતો હોય–એ તો જાણે હાલતા–ચાલતા સિદ્ધ! મિથ્યાદ્રષ્ટિને ચલતુંફિરતું શબ કહ્યું છે, ને મોક્ષમાર્ગી મુનિરાજ એ ચાલતાફરતા સિદ્ધ છે. મુનિદશા એ તો જગતપૂજ્ય પરમેષ્ઠીપદ છે.

(પ્રવચનસારના વિશેષ પ્રવચન માટે જુઓ પાનું : ૨૪)

સ્વાનુભવ એ મૂળ વસ્તુ છે. વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી, મતિ–શ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને સ્વદ્રવ્યમાં પરિણામને એકાગ્ર કરતાં સમ્યગ્દર્શન અને સ્વાનુભવ થાય છે. આવો અનુભવ કરે ત્યારે જ મોહની ગાંઠ તૂટે છે, ને ત્યારે જ જીવ ભગવાનના માર્ગમાં આવે છે.

# અમેરિકાથી આવેલ બે પ્રશ્નના જવાબ

[ “આજના શિક્ષિત યુવાનો ધર્મમાં રસ નથી લેતા” એવી ભ્રમણા ભાંગવા માટે દીપકભાઈનો પત્ર એક વધુ પુરાવો છે....યુવાનો પણ ધર્મમાં ઉત્સાહથી રસ લ્યે છે. ]

અમેરિકાથી આપણા સભ્ય નં. ૧૯૫૨ દીપક એમ. જૈન જિજ્ઞાસાથી બે પ્રશ્ન પૂછાવે છે. અમેરિકા જેવા દૂર દેશમાં રહીને પણ સોનગઢના સન્તોને યાદ કરવા, સાથે સાથે આત્મા અને પરમાત્માના વિચારો કરવા, ને ન સમજાય તે વાત જિજ્ઞાસાથી ભારત પૂછાવવી,–આ રીતે આપણી ભારતભૂમિના સન્તાનો ગમે ત્યાં જાય પણ એના હૃદયમાં સર્વત્ર અધ્યાત્મસંસ્કારો જીવંત રહે છે;–બીજા કોઈ પણ દેશની સંસ્કૃતિ આપણા ભારતની અધ્યાત્મ–સંસ્કૃતિની તુલના કરી શકે તેમ નથી. ભારતની આ અધ્યાત્મ–સંપત્તિનું ગૌરવ ભારતનો દરેક પુત્ર સમજે....ને એના ઉચ્ચ સંસ્કારોથી પોતાનું જીવન ઉજ્વળ બનાવે એમ ઈચ્છીએ. હવે અમેરિકાથી દીપક ભાઈએ પૂછેલા બે પ્રશ્નોના જવાબ–

(૧) જો જીવ અમર છે તો જુદા જુદા અવતાર કેવી રીતે લે છે? અને મનુષ્યપણું, પશુપણું વગેરે જીંદગી કેવી રીતે નકકી થાય છે?

ઉત્તર :–ભાઈશ્રી, પ્રથમ તો એ સંતોષની વાત છે કે તમારો પ્રશ્ન ‘આત્માની આસ્તિકતા’ માંથી ઊગેલો છે. દેહથી જાુદું એવું કંઈક જીવતત્ત્વ છે અને તે અમર છે–એવા જે થોડાઘણા સંસ્કારો અંતરમાં ઊંડેઊંડે પડયા છે તેમાંથી જ આવી જિજ્ઞાસા ઊગે છે. આટલા ઉપોદ્ઘાત પછી હવે તમારો ઉત્તર : તમે પૂછેલી વાત સમજાવવા માટે શાસ્ત્રમાં દેહ અને વસ્ત્રનો દાખલો આપ્યો છે.–જેમ એક જ શરીર કાયમ (એટલે કે જીવનપર્યન્ત) રહેતું હોવા છતાં વસ્ત્રો બદલાયા કરે છે; વસ્ત્રો બદલતાં કાંઈ માણસ નથી બદલી જતો. દીપકભાઈ ભારતમાં હોય ત્યારે કદાચ ધોતીઝબ્બો પહેરે, ને અમેરિકામાં હોય ત્યારે પેન્ટશર્ટ પહેરે–તો તેથી કાંઈ દીપકભાઈ બદલી નથી જતા; તેમ જીવ સંસારની જાુદીજાુદી ગતિમાં જાુદાજાુદા ખોળિયા (શરીરરૂપી વસ્ત્ર) ધારણ કરે, કયારેક હાથીનું શરીર ધારણ કરે ને કયારેક મનુષ્ય વગેરેનું શરીર ધારણ કરે, પણ તેથી કાંઈ જીવ બદલીને બીજો નથી થઈ જતો. એક શરીર છૂટી જાય (મરણ થાય) એટલે તે જ જીવ બીજા શરીરમાં જાય છે, તેથી તેનું અમરપણું તો રહે જ છે. શરીરો બદલવા છતાં આત્મા બદલી જતો નથી, કે મરી જતો નથી, તે એમ સૂચવે છે કે આત્મા દેહથી જુદી જાતનો પદાર્થ છે–કે જે દેહનો નાશ થવા છતાં પોતે નાશ પામતો નથી.–જેમ વસ્ત્રનો નાશ થવાથી કાંઈ વસ્ત્ર પહેરનારનો નાશ થઈ જતો નથી. એમ જુદાજુદા શરીરો છે તે તો જીવના ઉપરના વસ્ત્રો સમાન છે;

જીવ તો તે શરીરથી જુદી જાતનો ચેતનમય કાયમી પદાર્થ છે.

જીવ પોતે જેવા પાપનાં કે પુણ્યનાં ભાવ કરે તે અનુસાર તે શરીરને ધારણ કરે છે...અને સ્વર્ગ (દેવલોક), નરક, તિર્યંચ (પશુ-પંખી વગેરે) તથા મનુષ્ય-એ ચાર પ્રકારની ગતિમાં તે અવતાર ધારણ કરે છે. પણ જ્યારે દેહથી ભિન્ન પોતાનું સત્યસ્વરૂપ (જ્ઞાનસ્વરૂપ) ઓળખે અને તે સ્વરૂપમાં જ લીન રહે ત્યારે જીવ મુક્ત થાય છે, એટલે પછી તેને કોઈ શરીર ધારણ કરવાનું રહેતું નથી-આવી દશાને સિદ્ધદશા અથવા મોક્ષદશા કહેવાય છે.-તેમાં પરમ સુખ છે.

(આ સંબંધી વિશેષ જિજ્ઞાસા જાગે ને કાંઈ પ્રશ્ન ઊઠે તો આપ ખુશીથી પૂછાવશો; કેમકે આ આપણા જૈનધર્મની મૂળભૂત સંસ્કૃતિ છે...ને તેની સમજણ જીવને મહાન હિતરૂપ છે.)

(૨) તમારો બીજો પ્રશ્ન છે કે-જો મનુષ્યો તેમજ બીજા પ્રાણીઓ એ બધાના આત્મા સરખા હોય તો તેઓ બધા પરમાત્મા થઈ શકે કે નહીં?

ઉત્તરમાં શ્રીમદ્‌રાજચંદ્રની ભાષામાં કહીએ તો-'સર્વ જીવ છે સિદ્ધમય જે સમજે તે થાય.' પરમાત્મા થવાની તાકાત તો બધા જીવોમાં છે, પણ જે પોતાની તે તાકાતને ઓળખીને તેને પ્રયોગમાં (અનુભવમાં) લાવે તે જ પરમાત્મા થાય છે, જે પોતાની તાકાતને નથી ઓળખતા તે પરમાત્મા નથી થતાં. સ્થૂલ દ્રષ્ટાંતથી સમજાવીએ તો-જેમ દરેક મનુષ્યને કરોડપતિ થવાનો અધિકાર છે,-પણ શું બધાય મનુષ્યો કરોડપતિ થાય છે? -ના; અને છતાં, જે કરોડપતિ નથી થતા તેમનામાં પણ કરોડપતિ થવાનો અધિકાર તો આપણે સ્વીકારીએ જ છીએ. તેમ દરેક જીવમાં પરમાત્મા થવાનો અધિકાર (સ્વભાવની શક્તિ) તો છે. પણ બધા જીવો પરમાત્મા થઇ જતા નથી; જે નથી થતા તેનું કારણ તે જીવો નિજસ્વરૂપને ભૂલીને મોહમાં ને રાગ-દ્વેષમાં અટકયા છે.

હવે મનુષ્ય, પશુ વગેરે બધાના આત્મા સરખા હોવા છતાં તેમાં એટલી વિશેષતા છે કે, 'હું પરમાત્મા થઈ શકું છું' એવી નિજશક્તિનું ભાન તો મનુષ્યનો કે પશુનો (હાથી-સિંહ-વાંદરા વગેરે બુદ્ધિશાળી પશુનો) આત્મા પણ કરી શકે છે કેમકે તેનામાં તેટલી બુદ્ધિનો વિકાસ થયો છે. અને પછી તે જ જીવ પોતાનો વધુ વિકાસ કરીને જ્યારે પરમાત્મા થવાને તૈયાર થાય છે ત્યારે તેનું પશુપણું છૂટીને તે મનુષ્યપણામાં આવે છે, ને ક્રમેક્રમે વિકાસ સાધીને વીતરાગ પરમાત્મા થાય છે. આ રીતે અત્યાર સુધીમાં ઘણાય જીવો પરમાત્મા થઈ ગયા છે. આપણે પણ આત્માની ઓળખાણ વડે પરમાત્મા થઇ શકીએ છીએ.

તમારા ધર્મપ્રેમ માટે ધન્યવાદ.

जय जिनेन्द्र

# સિદ્ધના લક્ષે શરૂ થતો સાધકભાવ




# અનંત સિદ્ધભગવંતોને આત્મામાં બોલાવીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગળાચરણ

वंदित्तु सव्वसिद्धे
धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडम्
ईणमो सुदकेवली भणिदं।।१।।

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ
પામેલ સર્વે સિદ્ધને,
વંદી કહું શ્રુતકેવળી–ભાષિત
આ સમયપ્રાભૃત અહો! ૧.

જુઓ, આચાર્યદેવ સમયસારના અપૂર્વ મંગલાચારણમાં અનંત સિદ્ધભગવંતોને પ્રતીતમાં લઈને આત્મામાં સ્થાપે છે; સિદ્ધ જેવા શુદ્ધાત્માને ધ્યેયરૂપ બનાવીને આરાધકભાવની અપૂર્વ શરૂઆત થાય છે. પોતાના આત્મામાં તો સિદ્ધોને સ્થાપીને શુદ્ધસ્વરૂપનો અનુભવ વર્તે જ છે, ને સાંભળવા આવેલા શ્રોતાના આત્મામાં પણ સિદ્ધોને સ્થાપીને કહે છે કે હે શ્રોતા! સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપે તારા આત્માને લક્ષમાં લઈને ધ્યાવ. આમ સિદ્ધોને સ્થાપીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ કરીને આચાર્યદેવ સમયસાર સંભળાવે છે. આવા ભાવે જે સમયસાર સાંભળશે તેના મોહનો જરૂર નાશ થઈ જશે–એવા કોલકરાર છે.

પહેલી ગાથાની ટીકામાં સૌથી પહેલાં अथ શબ્દ છે તે મંગળને સૂચવે છે. સિદ્ધોને નમસ્કારરૂપ અપૂર્વ મંગલાચરણપૂર્વક સમયસાર શરૂ કર્યું છે.

अथ શબ્દ મહાન માંગળિકની શરૂઆત સૂચવે છે.

अथ... હવે સાધકભાવરૂપ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

अथ... હવે અનાદિના બંધમાર્ગનો નાશ શરૂ થાય છે.

अथ... હવે આત્મામાં સમ્યગ્દર્શનાદિ મંગળભાવ શરૂ થાય છે.

अथ... હવે અનંતકાળમાં નહિ થયેલ અપૂર્વભાવ શરૂ થાય છે.

अथ... હવે સિદ્ધોને સ્થાપીને સાધકભાવ શરૂ થાય છે.

अथ... એટલે સાધકભાવ શરૂ થયો તે પૂર્ણ થશે જ.

અહો, એક अथ શબ્દના વાચ્યમાં તો કેટલા મંગળ ભાવો ભર્યા છે! 'अथ' એટલે 'હવે' –તે અપૂર્વ શરૂઆત સૂચવે છે; અત્યારસુધી જે સંસારભાવ સેવ્યા તેનાથી પાછા ફરીને હવે સિદ્ધદશા તરફના અપૂર્વ ભવનો પ્રવાહ શરૂ થાય છે. આવા અપૂર્વ ભાવપૂર્વક સમયસાર સંભળાવીએ છીએ, તેને હે ભવ્ય શ્રોતા! તું પણ તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપીને અપૂર્વ ભાવે સાંભળજે.

અહો, અમારા આત્મામાં માંગળિકનો અપૂર્વ પ્રવાહ શરૂ થઈ ગયો છે.... કેવળી ભગવંતોએ અને શ્રુતકેવળી ભગવંતોએ જે કહ્યું તે જ હું કહીશ; એટલે કે તે ભગવંતોએ કહેલો શુદ્ધભાવ મારામાં પ્રગટ કરીને અત્યારે હું તે આ સમયસારમાં કહીશ. પૂર્વે ભલે ભગવંતોએ કહ્યું–પણ અત્યારે તો હું કહેનાર છું ને! મારા ભાવમાં મેં જે ઝીલ્યું છે તે હું કહીશ. ભગવંતો પાસેથી મને જે મળ્યું છે તે હું કહીશ... અપૂર્વ સાધકભાવનો પ્રવાહ મારા આત્મામાં પ્રગટયો છે–તે સ્વાનુભવપૂર્વક હું કહીશ. જે નિજવૈભવ મારા આત્મામાં પ્રગટયો છે તે સમસ્ત વૈભવથી હું શુદ્ધાત્મા દેખાડું છું.

–તેમાં મંગળરૂપે પ્રથમ શુદ્ધાત્મદશાને પામેલા એવા સર્વે સિદ્ધ ભગવંતોને મારા જ્ઞાનમાં લઈને વંદું છું. રાગમાં સિદ્ધની સ્થાપના ન થઈ શકે, અંદરના જ્ઞાનભાવમાં જ સિદ્ધની સ્થાપના થાય છે; જ્ઞાનમાં સિદ્ધ જેવું શુદ્ધસ્વરૂપ ચિંતવતાં નિર્વિકલ્પ દશા થઈ જાય છે... તેનું નામ સિદ્ધોને ભાવનમસ્કાર છે. સ્તુતિના વચનવિકલ્પો તે દ્રવ્યનમસ્કાર છે. આવા અપૂર્વ નમસ્કારપૂર્વક સમયસારનો પ્રારંભ થાય છે.

શ્રોતાને ભેગો રાખીને તેના આત્મામાં પણ સિદ્ધોની સ્થાપના કરે છે. દેહાતીત–રાગાતીત પરમાત્મદશાને પામેલા અનંતા સિદ્ધભગવંતો છે–એના સ્વીકારમાં અપૂર્વ પાત્રતા છે. મારું ધ્યેય સિદ્ધપદ છે–એમ સ્વીકારીને આ સમયસાર સાંભળજે. તેના શ્રવણમાં શુદ્ધાત્માનું ઘોલન કરતાં કરતાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થશે... ને મોહ નષ્ટ થઇને પૂર્ણશુદ્ધ એવા સિદ્ધોમાં તું પહોંચી જઈશ. આત્માનું આવું જે ધ્યેય, તેના પ્રતિબિંબરૂપ સિદ્ધભગવંતો છે. તેને ધ્યાવતાં આ આત્મા તેમના જેવો થઈ જાય છે.

સાધક કહે છે–મારું ધ્યેય સિદ્ધપદ છે–પણ અત્યારે હું સિદ્ધમાં પહોંચી શકતો નથી એટલે સિદ્ધભગવંતોને મારામાં બોલાવું છું. જેમ રામચંદ્રજીએ સ્વચ્છ દર્પણ દ્વારા ચંદ્રને નીચે ઉતારીને ગુંજામાં નાખ્યો તે દ્રષ્ટાંતે સાધક ઉપરના સિદ્ધભગવંતોને નિર્મળ જ્ઞાનદર્પણ દ્વારા નીચે ઉતારીને પોતાના અંતરમાં સ્થાપે છે. હે શ્રોતા! મારી જેમ તું પણ તારામાં સિદ્ધને સ્થાપીને આ સમયસાર શ્રવણ કરજે. શ્રોતા એવો છે કે જેને સિદ્ધપદ સિવાય બીજાની અભિલાષા નથી, બીજું ધ્યેય નથી. શ્રવણ વખતે વિકલ્પ હોવા છતાં તેનું લક્ષ વિકલ્પ ઉપર નથી, તેના લક્ષનું જોર શુદ્ધઆત્મા તરફ જ ઢળે છે.

શ્રોતાઓના અપાર હર્ષ અને પ્રમોદ વચ્ચે ગુરુદેવ ભાવથી કહે છે કે–જુઓ, આ સમયસારનું મંગળ મુહૂર્ત! સિદ્ધપણાના સ્થાપનથી શરૂઆત કરી; તે જીવ હવે સિદ્ધ પાસે જઈને બેઠો, તે હવે રાગની પાસે નહિ રહી શકે. રાગ સાથે એકતાબુદ્ધિ રાખીને સિદ્ધને નમસ્કાર ન થઈ શકે. સિદ્ધને નમ્યો તે રાગથી જુદો પડયો. ક્ષાયિક ભાવને પામેલા અનંતા સિદ્ધોને આત્માની જ્ઞાનપર્યાયમાં બેસાડયા, તે જ્ઞાનપર્યાયમાં હવે ઉદયભાવ નહિ રહી શકે. ઉદય અને જ્ઞાન વચ્ચે તીરાડ પડી ગઈ, ને જ્ઞાનપરિણતિ શુદ્ધસ્વભાવ તરફ નમી ગઈ.

આ સમયસારના ભાવો સર્વજ્ઞ ભગવાનની પરંપરાથી આવેલા છે, તે ઝીલીને સન્તોએ કહ્યા છે, અનાદિથી સર્વજ્ઞો થતા આવે છે ને અનાદિથી માર્ગ ચાલી રહ્યો છે તે જ અમે પ્રસિદ્ધ કર્યો છે. અહો, સિદ્ધને નમસ્કારરૂપ એક માંગળિકમાં તો કેટલા બધા ગંભીર ભાવો ભર્યાં છે! આચાર્ય દેવની શૈલી અજબ છે. અનંતી સિદ્ધપર્યાયોનું સામર્થ્ય આત્માની શક્તિમાં અત્યારે જ ભર્યું છે. આવા આત્મા તરફ ઝુકીને સિદ્ધોને નમસ્કાર કર્યાં છે.

સિદ્ધ ભગવંતો આ શુદ્ધઆત્માના પ્રતિચ્છંદના સ્થાને છે. સિદ્ધ ભગવાનની સામે

શ્રદ્ધાનો ટંકાર કરતાં તેમાંથી શુદ્ધાત્માના પડઘા ઊઠે છે. ‘હું સિદ્ધ....તું સિદ્ધ’ ત્યાં સામેથી પડઘા ઊઠે છે કે ‘હું સિદ્ધ...તું સિદ્ધ’. –આમ સિદ્ધનું સ્વરૂપ લક્ષમાં લેતાં પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ લક્ષમાં આવે છે. શુદ્ધાત્માને લક્ષમાં લીધા વગર સિદ્ધનું ધ્યાન થતું નથી. સિદ્ધ જેવો થઈને સિદ્ધનું ધ્યાન થાય છે. સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં અંદરથી નિર્મળ નિર્મળ પર્યાયો નીકળવા જ માંડે છે, ને આત્મા પોતે સિદ્ધ થઈ જાય છે. ‘णमो सिद्धाणं’નું આવું ફળ છે. આ મહાન મંગળ છે. સમયસારના મંગળમાં સિદ્ધભગવાનનું વાસ્તુ આત્મામાં કર્યું....સિદ્ધ ભગવાન જેવા મોટા અનંતા મહેમાનોને બોલાવીને જ્ઞાનમાં બિરાજમાન કર્યાં. તે જ્ઞાન હવે રાગવાળું ન રહી શકે; જે જ્ઞાનમાં અનંત સિદ્ધને બેસાડયા તે જ્ઞાન તો શુદ્ધાત્મસ્વભાવ તરફ ઢળીને નિર્વિકલ્પ થઈ જાય; એવા અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ સહિતનું આ અપૂર્વ મંગલાચરણ છે.

સિદ્ધભગવંતોને નમસ્કાર તે સાધકભાવ છે. સિદ્ધદશા તે સાધ્યરૂપ છે, તે તરફ ઝુકેલો ભાવ તે સાધકભાવ છે. अथ એટલે કે હવે, આવા સાધકભાવના પરમ મંગળપૂર્વક આ સમયસાર શરૂ થાય છે અનાદિથી જે ન હતો એવો અપૂર્વ આરાધકભાવ પ્રગટ કરીને હું મારા આત્મામાં સર્વે સિદ્ધભગવંતોને સ્થાપું છું. અનાદિથી વિભાવમાં હતો તેને દૂર કરીને, સ્વભાવભાવ પ્રગટ કરું છું. વિભાવથી જાુદો ને સિદ્ધની સ્થાપનારૂપ આ આરાધકભાવ તે સમયસારનું અપૂર્વ મંગળ છે.

સિદ્ધભગવાનની ભાવસ્તુતિ સ્વસન્મુખતા વડે થાય છે; આ ભાવવસ્તુતિમાં આત્મા પોતે જ આરાધ્ય–આરાધક છે. સિદ્ધની આ ભાવસ્તુતિ સમ્યગ્દ્રષ્ટિ જ કરે છે. અજ્ઞાનીને સિદ્ધની કે સિદ્ધ જેવા પોતાના શુદ્ધ સ્વરૂપની ખબર નથી, તેથી તેને આવી ભાવસ્તુતિ હોતી નથી.

હું શુદ્ધાત્મસ્વરૂપને પામેલા સિદ્ધને વંદન કરું છું–સિદ્ધની સ્તુતિ કરું છું, એટલે સિદ્ધસમાન શુદ્ધસ્વરૂપને સાધ્યરૂપે સ્વીકારું છું; સિદ્ધમાં ને મારી પર્યાયમાં જે ભેદ હોય તેને શુદ્ધદ્રષ્ટિના બળે કાઢી નાંખું છું ને સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપે મારા આત્માને ધ્યાવું છું. આ રીતે પોતાના આત્માને સિદ્ધપણે સ્થાપીને, સિદ્ધ સમાન પોતાના શુદ્ધ આત્માના ચિંતનથી ભવ્યજીવ પોતે સિદ્ધ થઇ જાય છે. જેણે પોતાના આત્મામાં સિદ્ધને વસાવ્યા તે સિદ્ધપદનો સાધક થયો, ‘સિદ્ધસમાન સદા પદ મેરો’ એવો અનુભવ કરવો તે વીર થઈને

વીરના માર્ગે ચાલ્યો....તેની પર્યાયનું પરિણમન સિદ્ધપદ તરફ ઢળ્યું.–આનું નામ સિદ્ધને નમસ્કાર; આનું નામ સાધકભાવની શરૂઆત; ને આનું નામ અપૂર્વ મંગળ.

સિદ્ધભગવંતોને નમસ્કારરૂપ અપૂર્વ મંગળ કરીને આચાર્યદેવ બહુમાનથી કહે છે કે अहो! હું આ સમયસાર કહું છું, –કેવળી અને શ્રુત્તકેવળી ભગવંતોએ કહેલા સમયસારને હું કહું છું. અનાદિથી જગતમાં કેવળી ભગવંતો થતા આવ્યા છે ને વાણીદ્વારા શુદ્ધાત્માનું સ્વરૂપ કહેતા આવ્યા છે; ત્રિકાળજ્ઞ કેવળીભગવંતોનો ત્રણકાળમાં કદી વિરહ નથી. એવા કેવળી ભગવંતોની જ પરંપરા મને મળી છે તે–અનુસાર હું આ સમયસારમાં કહીશ. ભલે, કેવળીભગવંતોએ કહ્યું પણ અત્યારે તો કહેનારા આચાર્યદેવ છેને, એટલે આચાર્યદેવનો પોતાનો સ્વાનુભવ પણ ભેગો જ છે; કેવળી ભગવંતોએ જે કહ્યું તે ઝીલીને પોતે સ્વાનુભવ કર્યો છે, ને તે સ્વાનુભવરૂપ નિજવૈભવસહિત આ સમયસારમાં શુદ્ધ આત્મા દેખાડે છે. આ રીતે આચાર્યદેવનું કથન કેવળી અને શ્રુતકેવળી જેવું જ પ્રમાણ છે. એકલા શબ્દો તે પ્રમાણ નથી, કેમકે જ્ઞાતાપુરુષ વગર શબ્દોના સાચા અર્થને જાણશે કોણ? માટે કહે છે કે શબ્દોનું પરિણમન અનાદિ છે તેમ તેના અર્થને જાણનારા વીતરાગી જ્ઞાની પણ અનાદિથી થતા આવે છે, તેની સંધિનો પ્રવાહ કદી તૂટે નહિ. આ રીતે સૂત્રને જાણનારા જ્ઞાની પુરુષોની પરંપરા દ્વારા શાસ્ત્રની પ્રમાણતા છે. અનાદિ કેવળી પરંપરા સાથે શાસ્ત્રની સંધિ જોડીને આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો! કેવળી અને શ્રુતકેવળી ભગવંતોની પરંપરાથી મળેલા એવા આ સમયસારને હું કહું છું, તેને હે શ્રોતાઓ! અંતરમાં સિદ્ધપણું સ્થાપીને સાંભળો!–તેના શ્રવણથી મોહનો નાશ થઈ જશે ને પરમસુખનો અનુભવ થશે.

આચાર્યદેવ કહે છે કે 'હું સમયસાર કહું છું, શુદ્ધાત્મા દેખાડું છું'–તે એમ સૂચવે છે કે સામે તેવા શુદ્ધાત્માની રુચિવાળા શ્રોતા પણ વિદ્યમાન છે; શુદ્ધાત્માનો અનુભવ કરી શકે એવી જીવની લાયકાત છે, તે દેખીને તેને શુદ્ધાત્માના અનુભવનો ઉપદેશ આપે છે. આમ નિમિત્ત–ઉપાદાનની એટલે વકતા–શ્રોતાની સંધિપૂર્વક આ સમયસારની અલૌકિક રચના થઈ છે. અહો, કોઈ અદ્ભુત યોગે આ શાસ્ત્ર રચાયું છે. આચાર્યદેવે આ સમયસાર રચીને પંચમકાળના ભવ્યજીવોને માટે મોક્ષપંથ ટકાવી રાખ્યો છે.


અને તેમાંય શરૂઆતથી જ આત્મામાં સિદ્ધોની સ્થાપનારૂપ અપૂર્વ મંગલાચરણ વડે શુદ્ધ સાધ્યના લક્ષે સાધકભાવ શરૂ કર્યો છે. હું સિદ્ધ–એટલે કે મારો આત્મા સિદ્ધ

સમાન શુદ્ધ છે–એમ સિદ્ધપણાની હા પાડીને જે સાંભળવા ઊભો તેને સાધકભાવ શરૂ થઈ જ જાય,–એવા અપૂર્વભાવે સમયસારની શરૂઆત થાય છે.

**આ રીતે અનંત સિદ્ધભગવંતોને આત્મામાં બોલાવીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગળાચરણ કર્યું.**

**卐 'जय समयसार' 卐 'णमो सिद्धांण' 卐**

## સિદ્ધપ્રભુજી આંગણે પધાર્યા....



સમયસારના પહેલા જ પાઠમાં આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપ; સિદ્ધભગવંતોને અરીસાની જેમ આદર્શરૂપે રાખીને તારું સ્વરૂપ દેખ કે 'જેવા આ સિદ્ધ છે તેવો જ હું છું.' –આવા લક્ષે સમયસાર સાંભળતાં તારો અદ્‌ભુત આત્મવૈભવ તને તારામાં દેખાશે.

અહા, સમયસારની શરૂઆતમાં જ આત્મામાં સિદ્ધભગવંતો પધાર્યા છે. એક મોટો રાજા ઘરે આવતાં પણ હૃદયમાં હર્ષની ઝણઝણાટી જાગી જાય છે તો સિદ્ધભગવાન જેના અંતરમાં આવ્યા તેના આત્મામાં આરાધકભાવના આનંદની ઝણઝણાટી જાગી જાય છે.

આત્મામાં આરાધકભાવની ઝણઝણાટી બોલે ત્યારે સમજવું કે હવે સિદ્ધભગવાન શ્રદ્ધામાં પધાર્યા; ને પોતે સાધક થઈને સિદ્ધ પાસે ચાલ્યો. આનું નામ –'णमो सिद्धाणं'

# રામને વહાલો ચાંદો..........સાધકને વહાલા સિદ્ધ



નાનકડા રામચંદ્રજીના હૃદયમાં આકાશમાંથી ચાંદો લઈને ગજવામાં નાંખવાનું મન થયું...અનુભવી દીવાનજીએ સ્વચ્છ દર્પણમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાડીને રામને રાજી કર્યા....

તેમ સિદ્ધભગવાનનો પરમ મહિમા સાંભળતાં મુમુક્ષુને તેની ભાવના જાગે છે....ને સિદ્ધ ભગવાન સામે જોઈને બોલાવે છે કે હે સિદ્ધ ભગવાન! અહીં પધારો!

ત્યારે અનુભવી–ધર્માત્મા સમજાવે છે કે ભાઈ! તારા જ્ઞાનદર્પણને સ્વચ્છ કરીને તેમાં તું દેખ.... તારામાં જ અંતર્મુખ જો...તો સિદ્ધપણું તને તારામાં જ દેખાશે...ને તને પરમ આનંદ થશે.

એ રીતે સ્વસન્મુખદ્રષ્ટિ કરીને જોતાં પોતાનું સ્વરૂપ જ સિદ્ધસ્વરૂપે દેખાયું......ને પરમ પ્રસન્નતા થઈ....પરમ આનંદ થયો.



# ચારિત્રધર્મ

## વીતરાગચારિત્ર જ ઇષ્ટ છે; શુભરાગ ઇષ્ટ નથી

**પ્રવચનસારના પ્રારંભમાં પાંચ ગાથા દ્વારા પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કારરૂપ મંગલાચરણ કર્યું .....ને શુદ્ધોપયોગરૂપ વીતરાગચારિત્ર તે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે એમ બતાવીને તે મોક્ષમાર્ગ આચાર્યદેવે અંગીકાર કર્યો. -એનું ભાવભીનું પ્રવચન આ અંકની શરૂઆતમાં આપે વાંચ્યું.**

હવે છઠ્ઠી ગાથામાં આચાર્યદેવ કહે છે કે વીતરાગચારિત્ર તે ઇષ્ટ ફળવાળું છે તે જ સુખરૂપ મોક્ષ દેનાર છે, તેથી થે ઉપાદેય છે; અને રાગ તો અનિષ્ટફળ દેનાર છે, રાગનું ફળ તો બંધન અને કલેશ, છે, તેથી તે હેય છે.

ચારિત્રને ધર્મ કહ્યો છે, –પણ કયું ચારિત્ર ? વીતરાગભાવરૂપ ચારિત્ર; મોહ અને રાગ–દ્વેષ વગરનું ચારિત્ર; તે ધર્મ છે, તેનું ફળ મોક્ષ છે. શુભરાગ તે ચારિત્ર નથી, તે તો કષાયકણ છે, તેનાથી કલેશ અને બંધન થાય છે; અરે આવું સ્પષ્ટ ધર્મનું સ્વરૂપ, છતાં અજ્ઞાનીઓ શુભરાગને અને પુણ્યને ધર્મ માને છે. શુભરાગમાં કે પુણ્યફળમાં સુખ નથી –એ વાત આચાર્યદેવ આ પ્રવચનસારમાં ઘણા પ્રકારે યુક્તિથી સ્પષ્ટ સમજાવશે.

અહા, મોક્ષમાર્ગી મુનિવરો તો શુદ્ધોપયોગ વડે મોક્ષને સાધવા માંગે છે; વચ્ચે શુભરાગ આવી પડે તેની ભાવના નથી, તે રાગના ફળમાં તો પુણ્યબંધન થાય છે ને ભવ કરવો પડે છે.

જાુઓ, પાંચ પાંડવમુનિવરો શત્રુંજયગિરિ ઉપર ધ્યાનમાં ઊભા હતા. ત્યાં ધગધગતા લોખંડના દાગીના પહેરાવીને દુર્યાધનના ભાણેજે ઉપસર્ગ કર્યો....ત્યારે તેમાંથી

યુધિષ્ઠિર–ભીમ–અર્જુન એ ત્રણે મુનિવરો તો સરાગચારિત્રને ઓળંગીને, વીતરાગચારિત્ર વડે સ્વરૂપમાં સ્થિર થઈ કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામ્યા; અને બાકીના બે નકુલ અને સહદેવ મુનિવરોને એવી વૃત્તિ ઊઠી કે 'અમારા ભાઈઓનું શું થતું હશે!' –આ રીતે શુભવિકલ્પરૂપ સરાગચારિત્રમાં અટકી ગયા તેથી શુભરાગના ફળમાં સર્વાર્થસિદ્ધિ–દેવલોકમાં ગયા ને ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ પામશે. આમ શુભરાગને લીધે બે ભવ થયા. માટે આવું શુભરાગવાળું સરાગચરિત્ર તે ઇષ્ટ ફળરૂપ મોક્ષને રોકનાર છે; ને વીતરાગચારિત્ર જ મોક્ષરૂપ ઇષ્ટ ફળને દેનાર છે; માટે મુમુક્ષુએ વીતરાગચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય છે, ને સરાગ ચારિત્ર છોડવા યોગ્ય છે. સરાગ ચારિત્ર તો દેવલોકરૂપ અનિષ્ટ ફળવાળું છે. અહા, સ્વર્ગના વિષયો તે કાંઈ ધર્મીને ઇષ્ટ નથી; આત્માનું અતીન્દ્રિય સુખ તે જ ધર્મીને ઇષ્ટ છે. શુભરાગ ઇન્દ્રિયસુખ દેનાર છે, અતીન્દ્રિય સુખને તો તે રોકનાર છે, માટે તે અનિષ્ટ છે, છોડવા જેવો છે.

કેટલી સ્પષ્ટ વાત આચાર્યદેવે સમજાવી છે! શુભરાગને સ્પષ્ટપણે અનિષ્ટ ફળ દેનાર કહેલ છે; ને અજ્ઞાની તેને મોક્ષનું કારણ માને છે. ઇષ્ટ ફળરૂપ જે મોક્ષ તેનું કારણ તો વીતરાગચારિત્ર છે, તેથી તે જ મોક્ષાર્થીએ ગ્રહણ કરવા જેવું છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે પણ જો કે મોક્ષમાર્ગ છે પણ તેની સાથે સ્વરૂપસ્થિરતારૂપ વીતરાગચારિત્ર પ્રગટયા વગર મોક્ષમાર્ગ પૂરો થતો નથી; સાથે જેટલો રાગ બાકી રહી જાય છે તેનાથી જીવ સ્વર્ગાદિના વૈભવરૂપ કલેશને પામે છે. તે કાંઈ મુમુક્ષુનું ઇષ્ટ નથી.

શુભરાગ તો પોતે વિષમભાવરૂપ છે, તેમાં શાંતિ નથી. મોક્ષના કારણરૂપ ચારિત્ર તો સામ્યરૂપ છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ વડે રાગ–દ્વેષ રહિત શુદ્ધપરિણામ પ્રગટે તેનું નામ ચારિત્ર છે, તેમા પરમ શાંતિની મીઠાશ છે, તે ધર્મ છે, તે આત્માનો સ્વભાવ છે. –આવા ચારિત્રને ભગવાને મોક્ષસાધન કહ્યું છે; ને આવું ચારિત્ર પણ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પૂર્વક જ હોય છે ને તેને જ મુનિપણું હોય છે. જેને હજી સમ્યગ્દર્શન પણ નથી, શુભરાગને સુખનું ને મોક્ષનું સાધન સમજીને ઉપાદેય માને છે, એને તો રાગરહિત ચારિત્ર કેવું? ને મુનિપણું કેવું?

રાગ તો સંયોગી ભાવ છે, પરસમયપ્રવૃત્તિ છે; ને ચારિત્ર તો સ્વભાવભાવ છે, સ્વસમયમાં પ્રવૃત્તિરૂપ છે. અરે, સાચા ચારિત્રની ઓળખાણ પણ જીવોને દુર્લભ છે. બહારમાં દેહની ક્રિયામાં, નગ્ન શરીરમાં કે વ્રતાદિના શુભરાગમાં જ અજ્ઞાનીએ ચારિત્ર

માની લીધું છે, પણ તે ચારિત્ર છે જ નહિ; ચારિત્ર તો આત્મગુણ છે, તેમાં શુદ્ધચૈતન્ય પ્રકાશે છે; જેમાં અતીન્દ્રિય આનંદનું ઘણું વેદન છે. આવું ચારિત્ર તે જ ધર્મીએ ગ્રહણ કરવા જેવું છે.

જુઓ, આ ચારિત્રના ગ્રહણનો ઉપદેશ આપે છે. લોકો કહે છે કે તમે ચારિત્રને માનો છો ?–હા;–પણ કયું ચારિત્ર ? અજ્ઞાનીનું માનેલું ચારિત્ર તે તો ચારિત્ર જ નથી, તે તો કલેશ છે; આ તો અંતરમાં ચૈતન્યના અનુભવમાં વીતરાગી લીનતારૂપ ચારિત્રની વાત છે,–કે જેના ગ્રહણથી પરમ ઇષ્ટ એવા મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

જુઓ, મોક્ષને માટે કેવા ચારિત્રની ભાવના કરવા જેવી છે ? તેનું સ્વરૂપ બતાવે છે. આચાર્યદેવ પોતે આવી ચારિત્રદશામાં ઝુલી જ રહ્યા છે; પોતે જાતે અનુભવેલી ચારિત્રદશાનું આ કથન છે. અમે તો આવી ચારિત્રદશાને મોક્ષના સ્વયંવરમાં અંગીકાર કરી છે. વચ્ચે રાગ આવે તે અમારું ઇષ્ટ નથી, તેને તો છોડીને અમે સ્વરૂપમાં ઠરવા માંગીએ છીએ. ક્ષણેક્ષણે બુદ્ધિપૂર્વક વિકલ્પ તૂટીને શુદ્ધોપયોગ થાય છે–આવી ચારિત્રદશામાં વર્તતા મુનિરાજનું આ કથન છે.

અરે ભાઈ ! આવી વીતરાગતાની સમજણ તો કર. મોક્ષને માટે આવી વીતરાગતા જ અંગીકાર કરવા જેવી છે, ને રાગનો એક કણિયો પણ રાખવા જેવો નથી–એમ દ્રઢ નિર્ણય તો કર. નિર્ણય અને શ્રદ્ધા સાચાં હશે તો ચારિત્રદશાનો અવસર આવશે; પણ શ્રદ્ધામાં જ ભૂલ હશે તો ચારિત્રદશા કયાંથી આવશે ? અરે, સમ્યગ્દર્શન –જ્ઞાન સહિતનો શુભરાગ તે પણ અનિષ્ટ ફળ દેનાર છે, તોપછી અજ્ઞાનીના શુભરાગની તો વાત જ શી ? ચારિત્ર તે રાગ કે શરીરની પ્રવૃત્તિ નથી, ચારિત્ર તે તો ચૈતન્યસ્વરૂપમાં ચરવારૂપ છે; નિજસ્વરૂપની જેને ખબર પણ નથી તે શેમાં ચરશે ?

શુભરાગ તે ખરેખરું ચારિત્ર છે જ નહિ; પણ ચારિત્રના સહકારીપણે તેમાં ચારિત્રનો આરોપ કર્યો છે; પણ સાચા વીતરાગચારિત્રને ભૂલીને તે રાગને જ સાચું ચારિત્ર માની લ્યે એને તો મિથ્યાત્વ છે, એટલે સાચું કે આરોપરૂપ એક્કેય ચારિત્ર તેને હોતું નથી; સાચું ચારિત્ર હોય ત્યાં રાગમાં આરોપરૂપ વ્યવહાર થાય. સાચા સ્વરૂપની જેને ઓળખાણ નથી તેને વ્યવહારની પણ ખબર હોતી નથી. સાચા પૂર્વક વ્યવહાર હોય છે. સાચા ચારિત્રને ઓળખે નહિ ને જે સાચું ચારિત્ર નથી તેને સાચું માની લ્યે તો ઊંધી માન્યતાને લીધે મિથ્યાશ્રદ્ધા થાય છે. આચાર્યદેવે સરાગચારિત્રને એટલે કે વ્યવહાર ચારિત્રના શુભરાગને બંધનું કારણ અને કલેશ કહીને સ્પષ્ટ

બતાવ્યું કે તે મોક્ષમાર્ગ નથી, તે તો અનિષ્ટ ફળવાળું છે, સાચું ચારિત્ર તો વીતરાગભાવ છે ને તે મોક્ષમાર્ગ છે; ઇષ્ટ એવા મોક્ષફળને તે દેનારું છે. એવા ચારિત્રધર્મનું સ્વરૂપ સાતમી ગાથામાં કહે છે.

## 'ચારિત્ર છે તે ધર્મ છે'

મોક્ષનું કારણ તો વીતરાગભાવ છે. વીતરાગભાવરૂપ ચારિત્ર તે ધર્મ છે. સામ્યભાવ કહો કે વીતરાગભાવ કહો, તે ધર્મ છે. સરાગચારિત્રમાં શુભરાગ છે તે તો બંધનું કારણ છે, તે ધર્મ નથી, તે જીવનો સ્વભાવ નથી. ચારિત્રરૂપ ધર્મ તે તો જીવનો સ્વભાવ છે, તે નિર્વિકારી શુદ્ધપરિણામ છે.

મોહરહિત ને ક્ષોભરહિત, એટલે મિથ્યાત્વરહિત અને રાગ–દ્વેષરહિત એવા સમભાવરૂપ જે આત્મપરિણામ તે ચારિત્રધર્મ છે. આવો ચારિત્રધર્મ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વગર હોતો નથી. સમ્યગ્દર્શન સહિત જે શુભરાગ છે તે કાંઈ ચારિત્ર નથી, ચારિત્ર તો રાગ વગરનો નિર્મળ ભાવ છે. જેણે સ્વ–પરની ભિન્નતા જાણીને સ્વ–સ્વભાવમાં એકાગ્રતા કરી છે તેને જ સ્વ–સમયમાં પ્રવૃત્તિરૂપ ચારિત્ર હોય છે. તે ચારિત્રમાં શુદ્ધ ચૈતન્ય પ્રકાશે છે; ચૈતન્યનું શુદ્ધપણે પ્રકાશવું તે જ ચારિત્ર હોય છે. આવું ચારિત્ર તે ઈષ્ટફળરૂપ મોક્ષને દેનાર છે. શુભરાગને અજ્ઞાની ચારિત્ર માને છે, પણ તે કાંઈ ઇષ્ટફળ દેનાર નથી, રાગ તો કલેશ દેનાર છે.

ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશી–સૂર્ય છે; તેના ચૈતન્યકિરણોમાં રાગાદિ મેલ નથી. ચૈતન્યના પ્રતપનરૂપ ચારિત્ર તે રાગની પ્રવૃત્તિ વગરનું છે. તમે ચારિત્રની ક્રિયા માનો છો? તો કહે છે કે હા; ચારિત્રની ક્રિયા કેવી હોય? કે પોતાના શુદ્ધસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ ક્રિયા તે ચારિત્રની ક્રિયા છે. આવી ક્રિયા વડે મોક્ષ સધાય છે. મોક્ષની સાધક આવી ચારિત્રક્રિયાને અજ્ઞાની ઓળખતો નથી. અહો, ચારિત્રદશાનું આવું વીતરાગીસ્વરૂપ, અત્યારે તો તે સાંભળવાનું પણ મહાભાગ્યે મળે છે, તો તેવી સાક્ષાત્ ચારિત્રદશાના મહિમાની શી વાત! આ શમરસરૂપ ચારિત્ર તે ભવાગ્નિના તાપને શાંત કરનાર છે. ચૈતન્યના અતીન્દ્રિય શાંતરસમાં ઠરી ગયેલા મુનિવરોને ચારિત્રદશા હોય છે. દર્શનમોહ અને ચારિત્રમોહ બંનેનો નાશ કરીને, શુદ્ધાત્માની પ્રતીત અને તેમાં એકાગ્રતા થાય ત્યારે ચારિત્રદશા અને મુનિપણું પ્રગટે છે. અહા, મુનિ થયા તે તો પરમેષ્ઠી થયા, જગત્પૂજ્ય

થયા, સિદ્ધોની અને અરિહંતોની શ્રેણીમાં બેઠા. શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પદશામાં જ મુનિપણું પ્રગટે છે. પહેલાં સાતમું ગુણસ્થાન થાય છે ને પછી સવિકલ્પદશા થતાં છઠ્ઠું ગુણસ્થાન થાય છે–એવો જ મુનિદશાનો ક્રમ છે. પણ પહેલાં છઠ્ઠું ગુણસ્થાન આવે ને પછી સાતમું –એમ નથી. સર્વ પરિગ્રહથી રહિત થઈને આત્માના ધ્યાનમાં એકાગ્ર થતાં સાતમું ગુણસ્થાન પ્રગટે છે, ત્યારે મુનિદશા થઈ કહેવાય. આવી દશા વગરનું મુનિપણું તે સાચું મુનિપણું નથી; ને તેને સાચું ચારિત્ર હોતું નથી. અંદરની શુદ્ધિ વગર કદાચિત શુભરાગથી પંચમહાવ્રત પાળે તો તે કાંઈ મોક્ષના કારણરૂપ ચારિત્રરૂપ નથી, તે તો પુણ્યબંધનું અને સ્વર્ગના કલેશનું કારણ છે.

શુભરાગ તે પણ મોહનો પ્રકાર છે, ચારિત્ર તો નિર્મોહ–પરિણામ છે. એવા શુદ્ધપરિણામે પરિણમેલો જીવ શુદ્ધ છે, તે પોતે ચારિત્ર છે. ચારિત્ર તે જીવથી જુદા કોઈ પરિણામ નથી. નિજશુદ્ધાત્મપરિણતિરૂપ ધર્મ તે જ સાચો ધર્મ છે; ને પંચપરમેષ્ઠી ભગવંતો વગેરેની ભક્તિરૂપ શુભરાગ તે વ્યવહારધર્મ છે એટલે કે પુણ્યબંધનું કારણ છે. પણ તેને જ મોક્ષના કારણરૂપ પરમાર્થધર્મ માની લ્યે તો તો તેને શુભરાગના પુણ્ય સાથે મિથ્યાત્વ ભેગું બંધાય છે. અહીં તો પ્રથમથી જ 'જ્ઞાનદર્શનસ્વરૂપ સ્વસંવેદનપ્રત્યક્ષ એવો હું.....નમસ્કાર કરું છું '–એમ પોતાના ભાન સહિતની વાત છે. આત્માના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક શુદ્ધોપયોગરૂપ વીતરાગચારિત્રની ભાવના છે. વચ્ચે શુભરાગ આવે તેની ધર્મીને ભાવના નથી.

શુભરાગ તે શુભપરિણતિ છે, તે શુદ્ધપરિણતિ નથી. આત્માના સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્ર તે ત્રણે શુદ્ધપરિણતિરૂપ છે; તે શુદ્ધપરિણતિ વડે જ મુનિદશા થાય છે. શુદ્ધપરિણતિ વગર સમ્યગ્દર્શન–મુનિપણું કે કેવળજ્ઞાન કાંઇ હોતું નથી. શુદ્ધપરિણતિ તે જ ધર્મ છે, તે જ મિથ્યાત્વાદિ ભાવરૂપ સંસારમાં ડુબતા આત્માનો ઉદ્ધાર કરીને શુદ્ધ–ચૈતન્યસ્વરૂપમાં સ્થિર કરે છે. તેથી આગળ કહેશે કે હે ભવ્ય જીવો ! જો તમને દુઃખથી મુક્ત થવાની ભાવના હોય તો પંચપરમેષ્ઠીને પ્રણમન કરીને આવા શુદ્ધોપયોગરૂપ વીતરાગચારિત્રને અંગીકાર કરો. અમે તો એવી ચારિત્રદશા અનુભવી છે, ને તમે પણ જો તેને અંગીકાર કરવા ચાહતા હો તો તે માર્ગના પ્રણેતા અમે આ ઊભા.




## બાળક કહે છે માતાને........

ધર્મસંસ્કારવાળો એક બાળક પોતાની માતા પાસે હૃદયની કેવી ભાવના વ્યક્ત કરે છે......ને પોતાને શું હોય તો મજા પડે !–એ વાત કહે છે. તે વાત બાળકોને ગમી જાય એવી ભાવભીની શૈલીમાં બોટાદના કુમારી અસ્મિતાબેન (M. A. LL. B.) એ લખી મોકલી છે.....જે થોડાક ફેરફાર સાથે અહીં રજુ કરી છે. આવી વિશેષ રચનાઓ મોકલીને અસ્મિતાબેન પોતાના શિક્ષણનો બાળકોને લાભ આપે એમ ઈચ્છીએ. (સં.)

**મા, મળે જો જિનમંદિર.....તો..... પ્રભુદર્શનની કેવી મજા !**
**મા, મળે કોઈ મુનિરાજ............સેવા કરવાની કેવી મજા !**
**મા, રહું જો ગુરુજી પાસ..........તત્ત્વ સમજવાની કેવી મજા !**
**મા, પામું જો સમકિત ભાવ. આનંદ-અનુભવની કેવી મજા !**
**મા, બનું જો હું મુનિરાજ.....વનજંગલમાં કેવી મજા !**
**મા, જાઉં જો વિદેહધામ.....પ્રભુદર્શનની કેવી મજા !**
**મા, મળે તીર્થંકરદેવ......ૐકાર સુણવાની કેવી મજા !**
**મા, પામું જો કેવળજ્ઞાન.....સિદ્ધપદ લેવાની કેવી મજા !**

[ અહીં “બાળક માતાને કહે છે” તે ભાવ દર્શાવ્યા છે....એવી જ રીતે હવે “માતા બાળકને કહેતી હોય” એવી એક રચનાની જરૂર છે; અને એ જ પ્રમાણે બે ભાઈ એકબીજાને કહેતા હોય અથવા બહેન–ભાઈ એકબીજાની પાસે ઉત્તમ ભાવના વ્યક્ત કરતા હોય એવી શૈલીની રચનાઓ પણ ઉપયોગી થશે. ]

[ “ગતાંકમાં છપાયેલ બાળકોનું કૂચગીત “છે તૈયાર.....છે તૈયાર” –એ “जैनसन्देश” ના સમ્પાદકજીને ખૂબ ગમી ગયું તેથી તેમણે “जैनसन्देश” માં પણ હિંદી બાળકો માટે તે છાપ્યું છે. બાળકોને માટે આવા સાહિત્યની ખૂબ જરૂર છે. ]

## ગતાંકમાં પૂછેલ દશ વાક્યો નીચેના શાસ્ત્રમાં છે-

| | |
|---|---|
| ૧. અરિહંતને ઓળખતાં આત્મા ઓળખાય છે. | પ્રવચનસાર : ૮૦ |
| ૨. વીતરાગ-વિજ્ઞાન ત્રણ જગતમાં સારરૂપ છે. | છહ ઢાળા : |
| ૩. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. | મોક્ષશાસ્ત્ર : ૧ |
| ૪. ‘હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે.’ | સમયસાર : ૩૮ |
| ૫. दंसणमूलो धम्मो = ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. | અષ્ટપ્રાભૃત : ૨ |
| ૬. णमो जिणाणं........ जिद भवाणं ( ભવને જીતનારા જિનોને નમસ્કાર ) | પંચાસ્તિકાય : ૧ |
| ૭. જાણે-જુએ જે સર્વ, તે હું -એમ જ્ઞાની ચિંતવે. | નિયમસાર : ૯૭ |
| ૮. ‘परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः’ | પરમાત્મપ્રકાશ : |
| ૯. णमो अरिहंताणं........णमो सिद्धाणं........णमो आइरियाणं..... | षट्‌खंडागम : १ |
| ૧૦. ‘અહો, અહો ! શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર | આત્મસિદ્ધિ |

❀ ❀ ❀

હવે, તમને ૧૨ મહિનાનાં નામ તો આવડતા જ હશે. અહીં ૧૨ ખાનાં છે, દરેક ખાનામાં એક નામ લખેલ છે; તેના ઉપર વિચાર કરીને તેના સંબંધમાં કોઈ મુખ્ય પ્રસંગ જે મહિનામાં બન્યો હોય તે મહિનાનું નામ તેની સામે લખવાનું છે. ( એક મહિનાનું નામ એક જ વાર લખવું. ) અત્યારે આસો માસ ચાલે છે. આસો માસમાં મહાવીરભગવાનના મોક્ષનો ઉત્સવ ( દીપાવલી ) છે; તેથી તે મહાવીરભગવાન સામે આસો માસ તો અમે લખી આપ્યો. બાકીનાં ૧૧ તમે શોધી કાઢો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | દસલક્ષણ-પર્યુષણ | | ૭. | કુંદકુંદાચાર્ય | |
| ૨. | મહાવીર ભગવાન | આસો | ૮. | અંકલેશ્વર | |
| ૩. | સીમંધર ભગવાન ( સોનગઢ ) | | ૯. | ધર્મનાથ | |
| ૪. | ઋષભ-નિર્વાણ | | ૧૦. | ગૌતમગણધર | |
| ૫. | શ્રીમદ્ રાજચંદ્ર | | ૧૧. | સોનગઢ-માનસ્તંભ | |
| ૬. | શ્રેયાંસકુમાર | | ૧૨. | વિષ્ણુકુમારનું વાત્સલ્ય | |

## અમે જિનવરનાં સંતાન : ( નવા સભ્યોનાં નામ )

૨૧૧૨ જિનેશકુમાર પ્રવીણભાઈ જૈન રાજકોટ
૨૧૧૩ મધુબેન જૈન LOWELL અમેરીકા
૨૧૧૪ ઈલાબેન મનસુખલાલ જૈન ભાવનગર
૨૧૧૫ લાલુભાઈ ચંદુભાઈ જૈન અમદાવાદ
૨૧૧૬ A હેમાલીની બટુકલાલ જૈન રાજકોટ
૨૧૧૬ B સ્મીતા બટુકલાલ જૈન રાજકોટ
૨૧૧૬ C જૈમીની બટુકલાલ જૈન રાજકોટ
૨૧૧૭ હર્ષદકુમાર ન્યાચંદ જૈન અમદાવાદ
૨૧૧૮ કીરીટકુમાર ચંપકલાલ જૈન અમદાવાદ
૨૧૧૯ નીલેષ રમેશચંદ્ર જૈન મુંબઈ–૬
૨૧૨૦ A જયંતકુમાર શાંતિલાલ જૈન મુંબઈ–૬૭
૨૧૨૦ B હિતેશકુમાર શાંતિલાલ જૈન મુંબઈ ૬૭
૨૧૨૦ C મુકેશકુમાર શાંતિલાલ જૈન મુંબઈ ૬૭
૨૧૨૦ D જાગૃતીબેન શાંતિલાલ જૈન મુંબઈ ૬૭
૨૧૨૧ કિર્તીકુમાર જૈન વઢવાણ શહેર
૨૧૨૨ મહેન્દ્રલાલ કનૈયાલાલ જૈન દાહોદ
૨૧૨૩ નીલાબેન બાબુભાઈ જૈન અમદાવાદ
૨૧૨૪ મહેન્દ્રકુમાર અમૃતલાલ જૈન સલાલ
૨૧૨૫ A ભારતીબેન મનહરલાલ જૈન અમદાવાદ
૨૧૨૫ B પ્રવીણકુમાર મનહરલાલ જૈન અમદાવાદ
૨૧૨૫ C હસમુખલાલ મનહરલાલ જૈન અમદાવાદ
૨૧૨૫ D રાજેન્દ્રકુમાર મનહરલાલ જૈન અમદાવાદ
૨૧૨૫ E ચંદ્રીકાબેન મનહરલાલ જૈન અમદાવાદ
૨૧૨૬ A કોકીલાબેન સારાભાઈ જૈન મુંબઈ
૨૧૨૬ B પ્રવીણકુમાર સારાભાઈ જૈન મુંબઈ
૨૧૨૭ A ચેતનકુમાર શશીકાંત જૈન કલકત્તા
૨૧૨૭ B સ્વરૂપકુમાર શશીકાંત જૈન કલકત્તા
૨૧૨૮ સુબોધકુમાર વૃજલાલ જૈન અમદાવાદ
૨૧૨૯ શૈલેષ બાબુભાઈ જૈન અમદાવાદ
२१३० A गुणमालाबेन पुनमचंदजी जैन इन्दौर
२१३० B चंदनबाला पुनमचंदजी जैन इन्दौर
२१३० C मनोरमाबेन पुनमचंदजी जैन इन्दौर
२१३० D राजा पुनमचंदजी जैन इन्दौर
२१३० E कांताबहन पुनमचंदजी जैन इन्दौर
૨૧૩૧ A સોનલબેન સૂર્યકાંત જૈન મુંબઈ
૨૧૩૧ B રૂપલબેન સૂર્યકાંત જૈન મુંબઈ
૨૧૩૧ C દેવાંગ સૂર્યકાંત જૈન મુંબઈ
૨૧૩૨ A અનીલકુમાર અમૃતલાલ જૈન મુંબઈ
૨૧૩૨ B નયનાબેન અમૃતલાલ જૈન મુંબઈ
२१३३ कंचनबेन जैन खैरागड

**( બીજાં નામો હવે પછી )**

**નિજસ્વભાવ-સાધન થકી મોક્ષમાર્ગ સધાય,**
**આત્મા સ્વયં નિજભાવથી છ કારકરૂપ થાય.**

**એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન;**
**સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન.**

## પાઠશાળા ચાલુ છે

અમને જણાવતાં હર્ષ થાય છે કે મુંબઈ, દાદર વીંછીયા, સુરેન્દ્રનગર, ફતેપુર, અમદાવાદ વગેરે ગામોમાં જૈન પાઠશાળા ચાલુ હોવાના સમાચાર મળ્યા છે, ને દરેક ઠેકાણે બાળકો સારી સંખ્યામાં ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. બીજા કેટલાક ગામોમાં (રાજકોટ–મોરબી વગેરેમાં) પાઠશાળા ચાલુ કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. એવી જાગૃતી કરીએ કે ગામેગામ પ્રાચીનયુગની માફક બાળકોના ગુંજારવથી પાઠશાળાઓ શોભતી હોય...ને જીવ–અજીવની ભિન્નતાની ઘરે ઘરે ચર્ચા થતી હોય.

## જરૂર છે

જૈન સંસ્કારો માટે જેટલી જરૂર જિનમંદિરની છે એટલી જ જરૂર જૈનપાઠશાળાઓની છે.

જૈન પાઠશાળા એટલે જ્ઞાનની પરબ....તે જલ્દી ખોલો અને તૃષાતુર–બાળકોની તૃષા છીપાવો. આપના ગામમાં જૈન પાઠશાળા સત્ત્વરે ચાલુ કરો.

### છ દ્રવ્ય

**જીવ પહેલો, પુદ્ગલ બીજું, ત્રીજું ધર્માસ્તિ, ચોથું છે અધર્મ ને પંચમ તો આકાશ; કાળને છઠ્ઠું જાણજો, એવાં આ છ દ્રવ્ય, એ દ્રવ્યોને જાણતાં સાચી શ્રદ્ધા થાય.**

વિશ્વમહીં છ દ્રવ્ય આ શ્રી સર્વજ્ઞે કહેલ;
બાલવિભાગના બાળને મોઢે કરવા સહેલ.

(અસ્મિતાબેન, જૈન બોટાદ)

## વૈરાગ્ય સમાચાર

* ગત વૈશાખ વદ એકમના રોજ ભાવનગરના બાબુભાઈ મનમોહનદાસ ગાંધી સેલ્વાસ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. (ગતાંકમાં આ સમાચાર છાપવાનું ભૂલથી રહી ગયું હતું.)

* રાજકોટ મુકામે ભાઈશ્રી છગનલાલ દેવચંદ મહેતા (તે મગનલાલ સુંદરજીના ભત્રીજા) ભાદરવા વદી બીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદના શ્રી મણીબેન ગાંધી (તે સમતાબેનના માતુશ્રી) ભાદરવા સુદ ૧૦ ના રોજ માટુંગા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* રાશંગપુર (જામનગર) ના ભાઈશ્રી વેલજી ભીમજી હરીયા નાઇરોબી (આફ્રિકા) મુકામે તા. ૧૭–૯–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

–સ્વર્ગસ્થ આત્માઓ અવારનવાર ગુરુદેવના દર્શનનો લાભ લેતા હતા. દેવ–ગુરુ–ધર્મની છાયામાં તેઓ આત્મહિત પામો.

## પૂજારીની જરૂર છે

* સુરેન્દ્રનગરમાં દિ. જિનમંદિર માટે એક વણિક પૂજારીની જરૂર છે... પગાર યોગ્યતા મુજબ; જેમને રહેવાની ઇચ્છા હોય તેમણે નીચેના સરનામે તપાસ કરવી.

દોશી લલ્લુભાઈ ધનજીભાઈ (ટ્રસ્ટી) ઠે. ધ્રાંગધ્રા ઉતારા સામે, સુરેન્દ્રનગર

# 卐 ભગવાનનો ઉપદેશ અમારા માટે છે 卐

સમયસારની પાંચમી ગાથામાં આત્માના નિજવૈભવનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે ( अनुशासनजन्मा ) ભગવાને અને ગુરુઓએ પ્રસાદીરૂપે જે ઉપદેશ આપ્યો તે ઉપદેશરૂપ અનુશાસનવડે અમારો નિજવૈભવ પ્રગટયો છે. –( આના વિવેચન વખતે ગુરુદેવ ઘણી પ્રસન્નતાપૂર્વક ખીલ્યા હતા ને અદ્‌ભુત ભાવો સમજાવ્યા હતા. જાણે સર્વજ્ઞભગવાન અત્યારે જ પોતાને સંબોધીને ઉપદેશ આપી રહ્યા હોય–એવા ભાવો ઉલ્લસતા હતા.

ભગવાને જે ઉપદેશ આપ્યો તે અમને અનુલક્ષીને જ આપ્યો છે.... અમારા ઉપર અનુગ્રહ કરીને, અમને જ સંબોધીને ભગવાનનો ઉપદેશ નીકળ્યો છે. ભગવાને ઉપદેશ આપ્યો ત્યારે તે અમારા માટે જ આપ્યો હતો–એમ પોતાના ભાવની ભગવાનના ઉપદેશ સાથે સીધી સંધિ કરી છે.

ભગવાન તો ઘણાકાળ પહેલાં થઈ ગયા ને ?

કાળનું આંતરું અમે જોતા નથી; ભાવમાં અંતર નથી, માટે કાળનું અંતર પણ નડતું નથી.

ભગવાને જે ઉપદેશ આપ્યો તે ઠેઠ અમારા સુધી પ્રસાદીરૂપે પ્રાપ્ત થયો છે.

ભગવાન અને પરંપરા બધા ગુરુઓ શુદ્ધાત્મામાં અંતર્નિમગ્ન છે. પોતે શુદ્ધાત્મામાં અંતર્‌નિમગ્ન હતા, ઉપદેશમાં પણ શુદ્ધાત્મામાં અંતર્નિમગ્ન થવાનું કહ્યું, અને અમે તે ઝીલીને શુદ્ધાત્મામાં અંતર્નિમગ્ન વર્તીએ છીએ... અને તેનો જ ઉપદેશ આપીએ છીએ. આવી સંધિપૂર્વકના નિજવૈભવથી આચાર્યદેવ શુદ્ધાત્મા દેખાડે છે.

હું શુદ્ધાત્માનું સ્વરૂપ સંભળાવીશ... એનો અર્થ એ થયો કે શ્રોતા પણ એવો છે કે જે શુદ્ધાત્માનું સ્વરૂપ જ સાંભળવા તત્પર છે, એનાથી વિરુધ્ધ બીજી વાત જેને ગોઠતી નથી; એવા જિજ્ઞાસુ શ્રોતાને અમે શુદ્ધાત્મા સંભળાવીએ છીએ. આનંદસહિત અમારા શુદ્ધાત્માને અમે અનુભવ્યો છે તે અનુભવસહિત અમે દેખાડશું, ને તમે એવા અનુભવવડે શુદ્ધાત્માને દેખજો.

જાુઓ, તો ખરા ! શ્રોતાને ભેગો ને ભેગો રાખીને આ સમયસારમાં શુદ્ધાત્મા દેખાડયો છે.

ઉપદેશ આપતી વખતે ભગવાનનું ને સંતોનું લક્ષ અમારા ઉપર હતું...અમારા જેવા શ્રોતા માટે જ ભગવાનનો ઉપદેશ નીકળ્યો હતો. ભગવાને અમારા ઉપર કૃપા કરીને ઉપદેશ આપ્યો હતો. પોતાનું ઉપાદાન તૈયાર છે ત્યાં નિમિત્ત સાથે સંધિ કરીને કહે છે કે એ ઉપદેશ અમને લક્ષીને જ નીકળ્યો હતો...આમ આચાર્યદેવે અદ્ભુત ગંભીરતા ભરી છે.

( વીર સં. ૨૪૯૪, આસો સુદ ૨ )

## આઠમી વખત સમયસાર પૂરું થયું ત્યારે-

એ વાતને આજે તો વીસ વરસ વીતી ગયા... એ દિવસ હતો સં. ૨૦૦૫ ની માગશર વદ આઠમ એટલે કે ભગવાન કુંદકુંદદેવની આચાર્યપદવીનો મહાન દિવસ. અને અઢી વરસથી ચાલતા સમયસારના આઠમી વખતનાં પ્રવચનો પૂર્ણ કરતાં ગુરુદેવે કહ્યું– ‘હે જીવો! અંદરમાં ઠરો રે ઠરો! અનંત મહિમાવંત શુદ્ધઆત્મસ્વભાવનો આજે જ અનુભવ કરો’ ...... ‘શ્રુતપંચમીએ શરૂ થયેલું સમયસાર આચાર્યપદવીના દિવસે પૂર્ણ થાય છે;–શ્રુત એટલે જ્ઞાન, ને આચાર્યપદવીમાં ચારિત્ર છે, જ્ઞાનથી શરૂઆત થઈ તે ચારિત્રપદ પ્રગટ કરી કેવળજ્ઞાન સુધી પહોંચીને પૂરું થશે.’ આવા મંગલપૂર્વક ગુરુદેવે સમયસાર પૂરું કર્યું... અને સાથે પૂર્ણતાના ઉલ્લાસમાં ગુરુદેવે પોતે ‘બોલો સમયસારભગવાનનો...જય હો’ –એમ જય બોલાવી. –ત્યારે સમસ્ત શ્રોતાજનોએ બહુ આનંદ–ઉલ્લાસથી ભક્તિપૂર્વક એ જયકારને વધાવી લીધો.... એ જ વખતે બેન્ડવાજાના મંગળનાદથી સ્વાધ્યાયમંદિર ગાજી ઊઠયું. એવો હતો એ પ્રસંગ!

**આ વાત એવી છે કે જો સમજે તો અંદર સ્વાનુભૂતિનો રંગ ચડી જાય, ને રાગનો રંગ ઊતરી જાય. આત્માની શુદ્ધ અનુભૂતિ રાગના રંગ વગરની છે; જેને આવી અનુભૂતિનો રંગ છે તે રાગથી રંગાઈ જતો નથી. હે જીવ! એકવાર આત્મામાં રાગનો રંગ ઊતારી સ્વાનુભૂતિનો રંગ ચડાવ.**

# પ્રવચનસાર એટલે જિનવાણીની પ્રસાદી

[ વીસ વર્ષ પહેલાંની થોડીક પ્રસાદી ]

**આજથી વીસ વર્ષ પહેલાં વીર સં. ૨૪૭૪ માં જ્યારે પ્રવચનસાર-ગુજરાતી પ્રગટ થયું અને ગુરુદેવે મંગલપ્રવચનો પ્રારંભ કર્યા, તે વીસ વર્ષ પહેલાંના પ્રવચનની પણ થોડીક મધુરી પ્રસાદી અહીં આપીએ છીએ. સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત વીતરાગચારિત્રની કેવી જોસદાર આરાધના આચાર્યદેવના અંતરમાં ઉલ્લસી રહી છે! તે આરાધનાના રણકાર આ પ્રવચનસારમાં ગુંજી રહ્યા છે.**

શ્રી મહાવીર ભગવાનની પરંપરાથી ગુરુગમે અને શ્રી સીમંધર ભગવાન પાસેથી સીધું જે જ્ઞાન મળ્યું તેને પોતાના અંતર્અનુભવ સાથે મેળવીને આચાર્યદેવે આ શાસ્ત્ર રચ્યું છે. પ્રવચન એટલે જિનવાણી, તેનો સાર આ ‘પ્રવચનસાર’ માં ભર્યો છે.

પ્રવચનસારની શરૂઆતમાં તીર્થનાયક શ્રી વર્દ્ધમાન સ્વામીને તેમજ વિદેહક્ષેત્રે વર્તમાન શ્રી સીમંધર તીર્થંકર વગેરે પંચપરમેષ્ઠી ભગવંતોને વર્તમાન પ્રત્યક્ષરૂપ કરીને આચાર્યભગવાન કહે છે કે અહો પ્રભો! હું મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ કરું છું, તેમાં મંગળાચરણરૂપે મારી સન્મુખ સર્વે પરમેષ્ઠી ભગવંતોની હાર બેસાડીને એકેકના ચરણે નમસ્કાર કરું છું, તથા સર્વેને સાથે નમસ્કાર કરું છું. મારા સાધક જ્ઞાનમાં સર્વે પંચપરમેષ્ઠી ભગવંતોને સમાડીને નમસ્કાર કરું છું.

આમ શ્રી આચાર્યદેવે મંગળાચરણમાં પંચપરમેષ્ઠી ભગવંતોને એવી રીતે નમસ્કાર કર્યા છે કે જાણે સાક્ષાત્ તે બધા ભગવંતો પોતાની સન્મુખ બિરાજતા હોય અને પોતે તેમની સન્મુખ શુદ્ધોપયોગરૂપ સામ્યભાવમાં લીન થઈ જતા હોય!

૮૦ અને ૮૧ મી ગાથામાં મોહનો ક્ષય તથા શુદ્ધાત્માની પ્રાપ્તિ કેમ થાય તેનો ઉપાય બતાવીને પછી ૮૨ મી ગાથામાં કહે છે કે બધાય અર્હન્ત ભગવંતો એ જ વિધિથી કર્મોનો ક્ષય કરીને તથા એ જ પ્રકારે ભવ્યજીવોને ઉપદેશ કરીને મોક્ષ પામ્યા છે. અહો, તે અર્હન્ત ભગવંતોને નમસ્કાર હો, પોતામાં એવો શુદ્ધોપયોગરૂપ માર્ગ પ્રગટયો છે તેના પ્રમોદ સહિત કહે છે કે અહો ! મોક્ષમાર્ગ ઉપદેશનારા અરિહંતોને નમસ્કાર હો.

શાસ્ત્રકર્તા આચાર્યદેવ વીતરાગ અને સરાગ ચારિત્રદશામાં ઝુલી રહ્યા છે.... આત્માના શુદ્ધોપયોગમાં લીન થતાં થતાં તેમની આ વાણી નીકળી છે...( લખતાં લખતાંય વચ્ચે વારંવાર શુદ્ધોપયોગમાં ઠરી જતા હતા... ) તેથી પદે પદે શુદ્ધોપયોગ રસ નીતરી રહ્યો છે. જેનાથી સીધી શિવપ્રાપ્તિ થાય એવા શુદ્ધોપયોગ માટે આચાર્ય દેવના અંતરમાં કેવી ઝંખના છે તે આ શાસ્ત્રમાં જણાઈ આવે છે. વર્તમાન વર્તતા રાગનો નિષેધ કરીને, તેને દૂરથી જ ઓળંગી જવાની પ્રતિજ્ઞા કરીને, જ્ઞાયકભાવમાં ડુબકી મારીને સદાય તેમાં જ સમાઈ રહીને આત્મા સંપૂર્ણ શુદ્ધોપયોગરૂપે પરિણમી જાય એવી અંતર્ભાવના ઘૂંટી છે.

ટીકાકાર આચાર્યદેવ કહે છે કે પરમાનંદના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે આ ટીકા રચાય છે; એટલે કે પરમાનંદના પિપાસુ જીવો આ કાળે છે ને તેઓ પરમાનંદને પ્રાપ્ત કરવાના છે. જે જીવો આ શાસ્ત્રના ભાવ સમજશે તેમને પરમ આનંદ પ્રગટ થશે.

આચાર્ય પોતે પણ પંચરમેષ્ઠી પદમાં વર્તી રહ્યા છે. પરંતુ હજી સરાગ ચારિત્રદશા છે તેથી તે રાગ ટાળીને સંપૂર્ણ શુદ્ધોપયોગની ભાવના ભાવી છે. અંતર મુહૂર્તમાં ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગ આવ્યા જ કરે છે. ઘડીકમાં શુદ્ધોપયોગ પ્રગટ કરી સાતમા ગુણસ્થાને વીતરાગ અનુભવમાં લીન થાય છે, ને વળી પાછો શુભોપયોગ થતાં છઠ્ઠા ગુણસ્થાને પંચમહાવ્રત કે શાસ્ત્રરચના વગેરેનો વિકલ્પ ઊઠે છે; તે શુભનો અને તેના ફળનો નિષેધ કરતાં કહે છે કે આ સરાગચારિત્ર ( શુભરાગ ) અનિષ્ટ ફળવાળું છે. વીતરાગ–ચારિત્રનું ફળ કેવળજ્ઞાન ને અતીન્દ્રિય સુખ છે તે જ ઈષ્ટ છે. પંચમકાળના મુનિ છે ને સરાગચારિત્ર છે એટલે સ્વર્ગમાં તો જશે, પણ તેનો આદર નથી, વીતરાગચારિત્રની જ ભાવના છે. આ રીતે એકલા શુદ્ધસ્વભાવનું જ અખંડ આરાધન કરીને અલ્પકાળે ચારિત્ર પૂરું કરી કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રાપ્ત કરશે. એવા આસન્નભવ્ય આચાર્યભગવંતોની વાણી આ પ્રવચનસાર શાસ્ત્રમાં છે.

# અમે જિનવરનાં સન્તાન...... જિનવરપંથે વિચરશું

ધર્મવત્સલ બંધુઓ..............................................

પૂ. ગુરુદેવના પ્રતાપે આપણા બાલવિભાગે ખૂબ જ ઉત્સાહથી પ્રગતિ કરી છે... હજી તેની વધુને વધુ પ્રગતિ થાય, ને ભારતના બધા જ બાલસભ્યો તેના કાર્યમાં ઉત્સાહથી ભાગ લઈ શકે તથા વ્યવસ્થિત કાર્યક્રમો યોજી શકાય–તે માટે જુદા જુદા ગામની શાખાઓ કરીને તેના પ્રતિનિધિ તરીકે કોઈ એક બે સભ્યો રહે ને સંપાદકની સૂચના મુજબ પોતપોતાના ગામનું બાલવિભાગનું કાર્ય સંભાળે–એવી વ્યવસ્થા વિચારવામાં આવી છે. સૌએ આ વ્યવસ્થામાં ઉત્સાહથી સહકાર આપવાની ભાવના બતાવી છે તે બદલ ધન્યવાદ!

( ૧ ) સૌથી પ્રથમ, જે જે ગામના સભ્યોને બાલસભ્યોનું લીસ્ટ મોકલ્યું છે તેઓ સારી નોટબુકમાં તે ઉતારી લેજો; ને છેલ્લા ખાનામાં તા. ૧–૧–૬૯ના રોજ જે ઉંમર તથા અભ્યાસ હોય તે લખીને પૂરું કરશો... બધા ભાઈ–બહેનો આનંદથી એક–બીજાના સગા ભાઈ–બહેનની માફક રહેજો ને પરસ્પર ધાર્મિક ઉત્સાહ વધે તેમ કરજો. કેમકે ‘સાચું સગપણ સાધર્મીનું’.

( ૨ ) આપણા બાલવિભાગની ચાર આદર્શ વાતો દરેક સભ્ય લક્ષમાં રાખીને તેના પાલનનો તથા પ્રચારનો પ્રયત્ન કરજો–

૧ હંમેશાં ભગવાનનાં દર્શન કરવા.

૨ જીવનમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો.

૩ રાત્રે ખાવું નહિ.

૪ સીનેમા જોવું નહિ.

( ૩ ) પૂ. ગુરુદેવનો આપણા ઉપર મહાન ઉપકાર છે, આપણને ‘વાનરસેના’ માંથી ‘વીરનાં સંતાન’ ગુરુદેવે જ બનાવ્યા છે. આગામી વૈશાખ સુદ બીજે ગુરુદેવનો ૮૦ મો જન્મોત્સવ ‘રત્નચિંતામણિ ઉત્સવ’ તરીકે ઉજવવાનો છે; તે પ્રસંગે બાલવિભાગના બધા સભ્યો તરફથી પણ ગુરુદેવ પ્રત્યે ‘ઉપકાર–અંજલિ’ વ્યક્ત કરવાની ઘણા સભ્યોને

ભાવના જાગી, ને બાકીના બધાય સભ્યોએ પણ તેમાં ઉત્સાહથી ટેકો આપ્યો. તેથી આ સંબંધમાં નીચે મુજબ બાબત કરવાનું વિચાર્યું છે–

- "ઉપકાર–અંજલિ" અંક (હસ્તલિખિત; જેમાં બધા સભ્યો ભાગ લ્યે.)
- બે હજાર ઉપરાંત બાલસભ્યો તરફથી કોઈ યાદગાર સુંદર વસ્તુ ગુરુદેવને અર્પણ કરવી.
- ગુરુદેવનું જીવનચરિત્ર છપાવવું.
- બાલસાહિત્યનું એક પુસ્તક છપાવવું. (આ ઉપરાંત "ઉપકાર–અંજલી અંક" માંથી પણ એક પુસ્તક છપાવવાની કેટલાક સભ્યોની ભાવના છે, તે સંબંધી પાછળથી અંક તૈયાર થયા બાદ વિચારીશું.) સૌથી પહેલાં તો સૌએ અંક માટે તૈયારી કરવાની છે. તે સંબંધી માર્ગદર્શનરૂપ કેટલીક સૂચના અહીં આપવામાં આવે છે–

દરેક બાલસભ્ય ધાર્મિક લેખ–કવિતા–ટૂચકા–ચિત્ર વગેરે તૈયાર કરે ને પછી ગામે–ગામના સભ્યોના લેખ ભેગા કરીને હસ્તલિખિત અંજલિ–અંક બને તેટલો સુશોભિત કરીને ગુરુદેવને અર્પણ કરવામાં આવે. આ માટે દરેક સભ્ય પોતાની ઊંચામાં ઊંચી ભાવનાઅનુસાર લખાણ તૈયાર કરે. લખાણ ગમે તેટલું કરી શકાય; શેમાંકથી જોઇને પણ લખી શકાય; કોઈની સલાહ લઈને પણ લખી શકાય; છપાયેલા ચિત્રો–ફોટા વગેરે મેળવીને પણ અંકની શોભા માટે ઉપયોગમાં લઈ શકાય. તમારા અક્ષર સારા ન હોય તો ગભરાશો નહિ, અમે તે ફરીને સુંદર અક્ષરથી લખાવી લઈશું. (ચિત્રો પોતાને આવડે તો કરી શકાય; અગર તૈયાર ચિત્રો કે ફોટા તેમાં ચોંટાડી શકાય. **સૌએ લખાણ પોતાના હાથે જ લખી મોકલવું.** (સભ્યો વતી વડીલોએ ન લખવા વિનંતિ છે.) આત્મધર્મના પાનાંનુ જે માપ છે તે માપના કાગળમાં અંક તૈયાર થશે. તે લક્ષમાં રાખીને ચિત્રલખાણ વગેરે કરવું.

લખાણ વગેરે સામગ્રી તૈયાર કરીને પોતપોતાના ગામના પ્રતિનિધિને કારતક સુદ પૂનમ સુધીમાં પહોંચાડવી; જ્યાં હજી સુધી સભ્યોનું સંગઠન ન થયું હોય ત્યાં સંગઠન કરવું. જ્યાં પ્રતિનિધિની સગવડ ન હોય તેઓ નજીકના ગામના પ્રતિનિધિને લખાણ આપી શકે (જેમકે ગુજરાતના ભાઈઓ અમદાવાદમાં આપી શકે.) અથવા કોઇ સગવડ ન હોય તો સોનગઢ સંપાદક ઉપર મોકલવું. બધાની સામગ્રી આવી જશે એટલે તેમાં યોગ્ય સલાહ કે સુધારા–વધારાની સૂચના આપીશું ને પછી સરસ મજાના કાગળમાં તે લખવાની વ્યવસ્થા કરીશું.

બાલવિભાગના સભ્યોને ૮૦ મા જન્મોત્સવ નિમિત્તે ઉપર મુજબ ચાર કાર્ય માટે જે ભાવના છે તે માટે તેઓ ૮૦ પૈસાથી માંડીને ૮૦ રૂા. સુધીની રકમો એકઠી કરશે ને બાલવિભાગના કેટલાક પ્રતિનિધિઓ તેની વ્યવસ્થા (સંપાદકની સલાહ મુજબ) સંભાળશે.

બાલવિભાગના કેટલાક પ્રતિનિધિઓનાં નામ–સરનામા આ અંકમાં આપ્યાં છે, તેઓ એકબીજા સાથે પત્રવ્યવહાર દ્વારા સંપર્કમાં આવશે ને વિચારોની આપલે કરશે તો સૌને ઉત્સાહની વૃદ્ધિ થશે. સલાહ–સૂચના માટે અમદાવાદના પ્રતિનિધિઓનો સંપર્ક સૌને વધુ ઉપયોગી થશે.


–બંધુઓ! આપણે હજી નાના છીએ, ભલે નાના...પણ વીરનાં સંતાન છીએ. એટલે વીર થઇને ગુરુદેવની છાયામાં, તેઓશ્રીએ બતાવેલા વીરમાર્ગે ચાલીને આપણે આપણું આત્મહિત સાધી લેવાનું છે આત્મહિત સાધી લેવા માટે કાંઈ આપણે હવે નાના ન કહેવાઈએ; માટે વીર બનીને આત્મહિત સાધીએ.

તમારા ગામના ઉત્સાહભર્યા સમાચારો લખતા રહેશો. जय जिनेन्द्र

–લી. તમારો ભાઈ હરિ.

## આવતા અંકથી શરૂ થશે-“પુનરાવર્તનરૂપ પરીક્ષા”

- આત્મધર્મ વાંચનાર કોઈ પણ જિજ્ઞાસુ જેમાં રસ લઈ શકે એવો વિભાગ આવતા અંકથી શરૂ કરીશું.
- તેમાં દશ પ્રશ્નો રજુ કરીશું. આ દશે પ્રશ્નો એવા હશે કે જેના ઉત્તર તેની પહેલાંના આત્મધર્મના અંકમાં આવી ગયા હોય. એટલે, આવતા અંકમાં જે દશ પ્રશ્નો રજુ થશે તેના જવાબો આ ચાલુ અંકમાં (જે આપના હાથમાં છે તેમાં) આવી ગયા છે.
- આ યોજનાને કારણે એક તો તમારે આગલા અંકો સાચવી રાખવા પડશે; ને તેના લેખો ધ્યાનપૂર્વક વાંચવા પડશે. પ્રશ્નોના ઉત્તર શોધવાના બહાને અગાઉની સ્વાધ્યાયનું પુનરાર્વતન પણ થઈ જશે. પ્રશ્ન ગમે તેવો કઠિન હોય તોપણ આગલો (છેલ્લો) અંક વાંચવાથી તેનો ઉત્તર મળી જ જશે... એટલે પ્રયત્ન કરનારને સો ટકા સફળતાની ખાતરી છે. પ્રશ્નો માટે આવતા અંકની રાહ જુઓ.



# સોનગઢમાં અદ્‌ભુત કારખાનું

જાુદા જાુદા ગામના થોડાક મિત્રો ભેગા થયા હતા....ને પોતપોતાના ગામના ઉદ્યોગની ચર્ચા કરતા હતા—

મોરબીના એક ભાઈ કહે : અમારા ગામમાં તો ઘડિયાળની મોટી ફેક્ટરી ( કારખાનું ) છે.

મુંબઈના મિત્ર કહે : અમારે તો સ્ટીલની ફેક્ટરી છે.

દિલ્હીના મિત્ર કહે : અમારે પ્લાસ્ટિકની ફેક્ટરી છે.

જમશેદપુરના મિત્ર કહે : અમારે ત્યાં લોખંડની મોટી ફેક્ટરી છે.

વાંકાનેરના અને શિહોરના મિત્રો કહે : અમારે તો માટીની ફેક્ટરી ( પોટરી ) છે.

ત્યારે સોનગઢવાસી મિત્ર કહે : અમારા ગામમાં તો એ બધાય કરતાં જુદી જ જાતની એક સુંદર ફેક્ટરી છે !

બધા મિત્રોએ ઇન્તેજારીથી પૂછયું–શેની ફેક્ટરી છે ?

ત્યારે તે ભાઈએ કહ્યું કે : અમારે ત્યાં તો આત્માને પરમાત્મા બનાવવાની ફેક્ટરી છે. પામરપણામાંથી પરમાત્મપણાનું ઉત્પાદન કેમ થાય તેનો જોસદાર ઉદ્યોગ સોનગઢની ફેક્ટરીમાં ચાલે છે.

બધા મિત્રો કહેઃ વાહ ! ઉત્તમ ફેક્ટરી ! ચાલો, આપણે એ ફેક્ટરી જોવા જઇએ....

WELCOME

# આત્મધર્મનું લવાજમ વેલાસર ભરીને વ્યવસ્થામાં સહકાર આપો

( ૧ ) આપનું લવાજમ આ અંક સાથે પૂરું થાય છે; નવા વર્ષનું લવાજમ રૂા. ચાર વેલાસર મોકલી આપશોજી.

( ૨ ) સં. ૨૦૨૫ ની સાલનું લવાજમ આપ આપના મંડળ મારફત ભરી શકો છો.

( ૩ ) દરેક મંડળે પોતાની પાસે આવેલું લવાજમ તથા ગ્રાહકોનાં નામો જેમ બને તેમ તુરંત મોકલવા વિનંતિ છે. મોડામાં મોડા તા. ૩૦–૧૦–૬૮ સુધીમાં મોકલી આપવા, જેથી ગ્રાહકોને તેઓનો પ્રથમ અંક નિયમિત મળી રહે.

( ૪ ) આપ આપનું લવાજમ મનીઓર્ડરથી મોકલી શકો છો.

( ૫ ) આપે આપનું પૂરું નામ, સરનામું તાલુકો–જિલ્લો વિગેરે પૂરું લખવું.

( ૬ ) સંસ્થા તરફથી વી. પી. કરવામાં આવતું નથી; પરંતુ જેઓ વી. પી. થી મંગાવવા ઈચ્છતા હોય તેઓ જો વી. પી. કરવા માટે પોસ્ટકાર્ડથી ખબર આપશે–તો તેમને વી. પી. કરવામાં આવશે.

**લવાજમ મોકલવાનું સરનામું-**
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

**[ આવતા વર્ષે આત્મધર્મના ગ્રાહકોને “છહ્‌ઢાળા-પ્રવચનો” નું ભેટપુસ્તક પણ આપવામાં આવશે. ]**

**આત્મધર્મના ચાલુ ગ્રાહકો ૨૩૮૨ છે, તેમાંથી ૭૪૨ ગ્રાહકોએ લવાજમ ભરી દીધું છે, બાકીના ગ્રાહકોમાંથી કોઈનું લવાજમ દીવાળી પછી બાકી ન રહે, એટલું જ નહિ પણ બીજા ૧૧૮ જિજ્ઞાસુઓને નવા ગ્રાહક બનાવીને, અઢી હજાર ગ્રાહકો પૂરા કરીને આત્મધર્મનું ગૌરવ વધારે....એવી જિજ્ઞાસુઓ પાસેથી આશા રાખીએ છીએ.**

# બાલવિભાગના પ્રતિનિધિ

**(બાલવિભાગના કાર્યોમાં ઉત્સાહથી સહકાર આપવા અનેક સભ્યોએ લાગણીભર્યા પત્રો લખ્યા છે, ને ખૂબ ભાવનાઓ વ્યક્ત કરી છે, તેનો ટૂંક અહેવાલ તથા પ્રતિનિધિઓનાં સરનામા અહીં આપ્યાં છે. બાકીનાં ગામનાં સભ્યો પણ આ બાબતમાં ધ્યાન આપે.)**

**અમદાવાદ :** ચેતનકુમાર જૈન, ૫૪૨–૨ છીંકણીવાળી પોળ, દરિયાપુર.

રોમેશકુમાર બી. જૈન, માઉન્ટકોર્મેલની ઉત્તરે (રોશની) નવરંગપુરા.

**વીંછીયા :** નગીનચંદ્ર જે. જૈન; સતીશકુમાર પી. જૈન, દિગંબર જૈન મંદિર.

**મુંબઈ :** ભરતકુમાર એચ. જૈન, ૧૨૩, નારાયણ ધ્રુ સ્ટ્રીટ, મુંબઈ–૩ (ફોન નં. 329815) અતુલકુમાર એમ. જૈન (મુકુંદભાઈ એમ. ખારા) સુરેશચંદ્ર જે. જૈન (શેઠી એન્ડ શેઠ શાહ, ૧૦૫, પ્રિન્સેસ સ્ટ્રીટ,) મુંબઈ–૨

(મુંબઈમાં લગભગ ૪૫૦ સભ્યો છે; ત્યાં દાદર વગેરે પરાના તથા બીજા પ્રતિનિધિઓનાં નામ હવે નક્કી થશે. મુંબઈના સભ્યોએ આ સંબંધમાં ભરતકુમારનો સંપર્ક સાધવો.)

**રાજકોટ :** કિરિટકુમાર વસંતલાલ જૈન, ૧૧, દીવાનપરા.
મનોજકુમાર રતિલાલ જૈન, ૬ દીવાનપરા.
(આ ઉપરાંત રાજકોટના બીજા સભ્યોની ઈચ્છા હોય તો સંપાદકને લખવું.)

**કલકત્તા :** ભરતકુમાર એન. જૈન, 12 B લોઅર ચિત્તપુર રોડ, કલકત્તા : ૧

(લાઠી, સુરેન્દ્રનગર, મોરબી તથા ભાવનગરથી ઉત્સાહી સભ્યોના પત્રો આવેલા, તેઓ ફરીને પૂરા સરનામા સહિત પત્ર લખશો; એટલે છાપીશું.)

**સોનગઢ :** જિતુભાઈ–જ્યોતીન્દ્ર અને પ્રદીપ એમ. જૈન

**ગોંડલ :** અરવીંદકુમાર જયંતિલાલ જૈન, સ્ટેશન પ્લોટ, શેરી નં. ૮.

અમદાવાદની બાલવિભાગ–શાખાનું વ્યવસ્થિત ઉદ્ઘાટન કરીને ઘણી ઉલ્લાસભરી શરૂઆત થઈ, ને બાલસભ્યોએ ઘણો ઉત્સાહ તથા પ્રેમ બતાવ્યો. આ સંબંધી વિગતવાર લાંબો

પત્ર ત્યાંના ઉત્સાહી પ્રતિનિધિભાઈઓ તરફથી મળ્યો છે. જે વાંચતાં, વીરશાસન પ્રત્યેનો આજના યુવાનોનો પ્રેમ અને અર્પણભાવ દેખીને હૃદય ખૂબ પ્રસન્ન થાય છે, – ધન્ય છે તે યુવાન બાળકોને કે જેઓ આટલા ઉત્સાહથી, તન–મન–ધનથી, ધર્મપ્રભાવનાની તમન્ના ધરાવે છે. ગુરુદેવના જન્મોત્સવ પ્રસંગે "ઉપકાર–અંજલિ" (ભારતના બાળકોનો હસ્તલિખિત અંક) અને બાલસાહિત્યનું પુસ્તક પ્રગટ કરવા પણ તેમની ભાવના છે. ગામેગામના બાલસભ્યો એ હસ્તલિખિત અંક માટે વિચારી રહ્યા છે. તેમની એ ભાવનામાં વડીલોનો પણ ટેકો મળે ને બાળકો જૈનશાસનને શોભાવે–એવી જિનદેવ પ્રત્યે પ્રાર્થના. (અમદાવાદમાં પચાસેક જેટલા નવા સભ્યો પણ નોંધાયા છે.)

એવો જ ઉત્સાહભર્યો બીજો પત્ર વીંછીયાના પ્રતિનિધિ ભાઈઓ તરફથી આવ્યો છે; ત્યાં પણ બાલસભ્યોનું સંગઠન અને પાઠશાળા ઉમંગથી ચાલુ થયેલ છે; ને અંજલિ–અંક માટે પણ તૈયારી કરે છે.

ત્રીજો ઉત્સાહભર્યો પત્ર છે મુંબઈથી ભાઈશ્રી ભરતકુમાર એચ. જૈનનો; મુંબઈમાં બાલસભ્યોનું સંગઠન કરીને ઘણા ઉત્સાહથી ધાર્મિકપ્રવૃત્તિઓ ઉપાડવા તેમની તીવ્ર ઉત્કંઠા છે, તે માટે તેઓ પ્રયત્નશીલ પણ છે. પરંતુ મુંબઈ જેવું મોટું શહેર, જ્યાં ૪૫૦ જેટલા આપણા સભ્યો છે, –ત્યાં એકલાથી પહોંચી ન શકાય, એટલે તેમની સાથે બીજા ત્રણચાર ઉત્સાહી સભ્યોની પ્રતિનિધિ તરીકે જરૂર છે.....જે માટે તેઓ સભ્યોનો સંપર્ક સાધી રહ્યા છે. 'અંજલિ–અંક' માટે તેમજ બાળકોના બીજા કાર્યક્રમો માટે તેઓ વિચારી રહ્યા છે; મુંબઈના વડીલોનો પણ બાળકોના ઉત્સાહમાં પૂરેપૂરો સાથ છે...

❁ ❁ ❁

❁ તલોદ (ગુજરાત) માં તા. ૨૩–૯–૬૮ થી ૪–૧૦–૬૮ સુધી જૈનધર્મ શિક્ષણ–શિબિરનું આયોજન હતું.... શિબિરનું ઉદ્ઘાટન માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ સી. જવેરીના સુહસ્તે થયું હતું. શિબિરમાં સેંકડો જિજ્ઞાસુઓએ ઉત્સાહથી લાભ લીધો હતો.

❁ જ્યોતિબેન મગનલાલ (S.Y. Bsc.) અમદાવાદથી ઘણો ઉલ્લાસ વ્યક્ત કરતાં લખે છે કે પહેલાં અમે બરમા હતા, ત્યાં તો **'આત્મવૈભવ'** જેવું પુસ્તક કયાંથી મળે? હમણાં 'આત્મવૈભવ' પુસ્તક વાંચ્યું; વાંચીને ઘણો ઘણો આનંદ થાય છે. ફરી બીજીવાર વાંચું છું. તે વાંચીને એમ લાગે છે કે બસ, ચારેબાજુથી જ્ઞાનના દરવાજા ઉઘડી ગયા છે. ખરેખર, ગુરુદેવ આપણા ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છે. (વગેરે)


❀ મોરબીમાં કુ. વિદ્યાબેન જૈન ૮૦૦ બાળકોની સ્કુલ ચલાવે છે, તેમણે બધા બાળકોને ‘એક હતું દેડકું’ એ વાર્તાની પુસ્તિકા વહેંચી; તે સંબંધમાં તેઓ લખે છે કે–“વાર્તાની ચોપડી મળતાં બધા વિદ્યાર્થીઓ એકદમ ખુશખુશ થઇ ગયા; એક જ બેઠકે વાંચીને પૂરી કરી. વાંચતાં દરેકના ચહેરા ખૂબ જ પ્રફૂલ્લિત હતા. બાળકોને આટલું સુંદર બાલભોગ્ય ધાર્મિક સાહિત્ય આપવા બદલ અભિનંદન! આજે રોમરોમમાં આનંદની ટસરો ફૂટી રહી છે કે બાળકોને ચિત્રસહિત આવું સુંદર વાંચન મળ્યું. બાળકો ઘેર ઘેર એ જ વાર્તા કરતા હતા.”

## આત્મધર્મ....... ( ત્રીજો સૈકો પૂરો કરે છે )

પૂ. ગુરુદેવની મંગલછાયામાં રહીને તેઓશ્રીના હિતોપદેશને ભારતમાં પ્રસરાવતું આપણું આ ‘આત્મધર્મ’ –માસિક આ અંકની સાથે પચીસ વર્ષ પૂરાં કરે છે, પચીસ વર્ષ એટલે ત્રીજો–માસિકસૈકો સમાપ્ત કરે છે ને આવતા અંકથી ચોથા સૈકામાં પ્રવેશ કરશે. દરેક અંકના સરેરાશ ૪૦ પાનાં ગણીએ તોપણ ૩૦૦ અંકમાં ૧૨૦૦૦ ઉપરાંત પાનાંનું એકધારુ ઉચ્ચકોટિનું અધ્યાત્મ–સાહિત્ય આત્મધર્મે પીરસ્યું છે. સંસારની ઝંઝટોમાં તે કદી પડતું નથી. જૈનસમાજના બધા પત્રોમાં આત્મધર્મનું સ્થાન સૌથી ઊંચું છે. દર મહિને હિંદી–ગુજરાતી મળીને પાંચેકહજાર નકલ છપાય છે; એની કુલ પૃષ્ઠ સંખ્યા ગણીએ તો ( ૬, ૦૦, ૦૦૦૦૦ ) છ કરોડ જેટલી થાય. આત્મધર્મ જેવું ઊંચું છે–તેવા જ ઉચ્ચકોટિના જિજ્ઞાસુઓનો વિશાળ વાચકસમૂહ પણ તે ધરાવે છે, ને એવું જ ઉચ્ચકોટિનું અવનવું અધ્યાત્મ–સાહિત્ય ગુરુદેવ હરહંમેશ આપી રહ્યા છે...આ રીતે ‘આત્મધર્મ’ તે પૂ. ગુરુદેવ દ્વારા થતી મહાન પ્રભાવનાનું એક અંગ બની ગયું છે.

આત્મધર્મના વિકાસ માટે સંસ્થાના બંધારણમાં પણ ઉચ્ચ આદર્શ સ્વીકારવામાં આવ્યો છે–“આત્મધર્મનો વિશેષ પ્રચાર થાય તે માટે પ્રયત્ન કરવો, પાનાં વધારવા, માસિકને બદલે પાક્ષિક, અઠવાડિક કે દૈનિકપત્ર કરવું–વગેરે.....” આપણી સંસ્થાના બંધારણનો આ ઉદ્દેશ પૂ. ગુરુદેવના પ્રતાપે શીઘ્ર સફળ થાય એ જ ભાવના.

जयजिनेन्द्र




આ અંકના ટાઈટલ પૃષ્ઠ ૨ ઉપર જે ભગવંતોનાં દર્શન થાય છે તેમાં પ્રથમ દ્રશ્ય તો દક્ષિણદેશથી ( શ્રવણબેલગોલથી ) પધારેલા ૨૪ ભગવંતોનું છે; ને બીજું દ્રશ્ય વિદેહક્ષેત્રથી પધારેલા સીમંધરનાથના સમવસરણનું છે...જેમાં કુંદકુંદસ્વામી ઊભા છે. સોનગઢના મુક્તિમંડપમાં ભક્તોનું નિમંત્રણ સ્વીકારીને સર્વે ભગવંતો પધાર્યા છે.

અને આ સામે ઊભા તે બધાય ભગવંતો પધાર્યા છે દેવગઢ ( ઉત્તર પ્રદેશ ) થી; વાહ ! દેવગઢનો દેવદરબાર સોનગઢમાં આવ્યો છેઃ–

**આ સર્વેને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને**
**વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હન્તને.**

# कैसे भूलें याद आपकी...

ગત સાલ પૂ. ગુરુદેવ સંઘસહિત જયપુરથી સમ્મેદશિખર જતાં વચ્ચે ફાગણ સુદ સાતમના રોજ બયાના (ભરતપુર-રાજસ્થાન) માં રોકાયેલા, અને ત્યાં 'વિદેહક્ષેત્રકે ધર્મકર્તા જીવન્તસ્વામી શ્રી સીમંધર સ્વામી' ની પાંચસો વર્ષથી પણ વધુ પ્રાચીન પ્રતિમાના દર્શનથી સૌને ઘણો આનંદ થયેલો; ગુરુદેવે ખૂબ જ પ્રમોદપૂર્વક સીમંધરનાથ સાથેના પૂર્વભવના સંબંધની કેટલીક વાત પણ પ્રસિદ્ધ કરેલી....એ બધું કેમ ભૂલાય?

એવા યાદગાર બયાનાગામમાં ગુરુદેવના સ્વાગતનિમિત્તે ત્યાંના ભાઈશ્રી રૂપેન્દ્રકુમાર જૈન, વિશારદે એક કાવ્ય ગાયેલું-જે અહીં આપ્યું છે:

जैनधर्म का अनुपम झन्डा, भारत में फहराया है ।
निश्चयनय का तत्त्व सभी को, पूज्यपाद! बतलाया है ।।
कैसे भूलें याद आप की, तुमने हमें जगाया है ।
विषयभोग में मस्त पड़े हम, तुमने ज्ञान कराया हे ।।
कुन्दकुन्द के सेवक बनकर पावन पन्थ बतलाया है ।
जैनधर्म के तत्त्वों को, खोल खोल समझाया है ।।
पन्थ-भेद से उपर उठकर, समताभाव सिखाया है ।
आत्मधर्म को धारण करके, सत्यरूप दिखलाया है ।।
कैसे भूलें याद आपकी, तुमने हमें जगाया है ।।

[ભાઈશ્રી, જો આપ અમને નથી ભૂલતા, તો અમે (સોનગઢવાસી) પણ આપને અને આપની બયાના નગરીને નથી ભૂલતા; કેમ કે-]

कैसे भूलें याद आप की जहां सीमंधरनाथ बिराजे हैं;
'विदेहक्षेत्र के जीवन्त स्वामी' दर्शन कर हरषाये हैं।।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (પ્રત : ૨૫૦૦)